RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 8 * Issue No. 39* Date: 05.12.2021 Sunday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

### મમતા દીદી રાહુલ ગાંધી કરતાં આગળ

## ૨૦૨૧માં યાહૂ સર્ચમાં નંબર વન પીએમ મોદી


ન્યુદિલ્હી, તા.૦૪

યાહૂના રીપોર્ટમાં કહેવાયું હતું કે નરેન્દ્ર મોદીની લોકપ્રિયતા યથાવત રહી છે. યુઝર્સે વર્ષભર નરેન્દ્ર મોદીનું નામ યાહૂમાં સર્ચ કર્યું હતું. એ પછી બીજા ક્રમે વિરાટ કોહલી સર્ચ થયા હતા. મમતા દીદીની લોકપ્રિયતા વધી હતી.૨૦૨૧માં ન્યૂઝ મેકર કેટેગરીમાં ખેડૂતો છવાયેલા રહ્યા હતા. ખેડૂત આંદોલન વર્ષભર પ્રથમ નંબરે રહ્યું હતું. શાહરૂખ ખાનનો દીકરો આર્યન ખાન નશીલા પદાર્થના મુદ્દે પકડાયો હતો. એ ઘટના પછી આર્યન ખાન ન્યૂઝમાં સૌથી વધુ સર્ચ થયો હતો.

રાજ કુન્દ્રાના સમાચાર ત્રીજા ક્રમે સૌથી વધુ સર્ચ થનારા સમાચાર હતા. કેન્દ્રીય બજેટ અને બ્લેક ફંગસ ટોપ-૫માં હતા. સૌથી વધુ સર્ચ થનારા સેલિબ્રિટીઝમાં સ્વર્ગસ્થ અભિનેતા સિદ્ધાર્થ શુક્લા પ્રથમ, સલમાન ખાન બીજા અલ્લુ અર્જુન ત્રીજા, સ્વ. પુનિત રાજકુમાર ચોથા અને સ્વ દિલીપ કુમાર પાચમા ક્રમે હતા. એવી જ રીતે સૌથી વધુ સર્ચ થનારી મહિલા સેલિબ્રિટીઝમાં કરિના કપૂર પ્રથમ, કેટરિના કેફ બીજા, પ્રિયંકા ચોપરા ત્રીજા ક્રમે રહી હતી. આલિયા ભટ્ટ અને દીપિકા પદૂકોણે ટોપ-૫માં જગ્યા બનાવી હતી.યાહૂએ ૨૦૨૧નો યન ઈન રિવ્યૂ આપ્યો છે, એમાં ભારતીય યુઝર્સે સૌથી વધુ શું સર્ચ કર્યું એનો રીપોર્ટ આપવામાં આવ્યો છે. નરેન્દ્ર મોદી સૌથી વધુ સર્ચ થનારા વ્યક્તિ હતા. એ પછી બીજા નંબરે વિરાટ કોહલી અને ત્રીજા નંબરે મમતા દીદી રહ્યાં હતા. સિદ્ધાર્થ શુક્લા અને રાહુલ ગાંધી અનુક્રમે ચોથા અને પાચમા ક્રમે હતા. રાહુલ ગાંધીને બદલે મમતા દીદી સૌથી વધુ સર્ચ થનારા બીજા નંબરના રાજકારણી હતાં. તેમ જ ઓવરઓલ ત્રીજા નંબરે રહ્યા હતા. સ્વર્ગસ્થ અભિનેતા સિદ્ધાર્થ શુક્લા ચોથા અને કોંગ્રેસના નેતા રાહુલ ગાંધી પાચમા ક્રમે હતા.

### અમદાવાદ આવેલી ફ્લાઇટમાં એક પ્રવાસી કોરોના પોઝિટિવ આવતા તંત્ર દોડતું થયું

## ઝિમ્બાબ્વેથી જામનગર આવેલા વૃદ્ધનો ઓમિક્રોન પોઝિટિવ




જામનગર,તા.૪

ગુજરાતમાં ઓમિક્રોનનો પ્રથમ કેસ જામનગરમાં નોંધાયો છે. ઝિમ્બાબ્વેથી જામનગર આવેલા ૭૨ વર્ષીય વૃદ્ધનો ૨ ડિસેમ્બરના રોજ કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો. ઓમિક્રોનના શંકાસ્પદ લક્ષણ જોવા મળતાં સેમ્પલ પુણે લેબમાં મોકલવામાં આવ્યું હતું. આજે આ વૃદ્ધનો ઓમિક્રોન રિપોર્ટ પોઝિટિવ આવતાં શહેરનું આરોગ્યતંત્ર હરકતમાં આવી ગયું છે, જ્યારે જામનગર શહેરમાં ફફડાટ ફેલાઈ ગયો છે. ગુજરાતમાં ઓમિક્રોન વેરિયન્ટનો પ્રથમ કેસ નોંધાતાં મુખ્ય સચિવે જામનગરના કલેક્ટર અને આરોગ્ય અધિકારીઓ સાથે રિવ્યુ મીટિંગ બોલાવી હતી અને મુખ્યમંત્રીએ પણ તાત્કાલિક રિવ્યુ બેઠક બોલાવી હતી આરોગ્ય સચિવ મનોજ અગ્રવાલે જણાવ્યું હતું કે જામનગરની ડેન્ટલ કોલેજમાં આઈસોલેશનમાં રાખવામાં આવ્યા છે. ૪ વ્યક્તિને કોરોના પોઝિટિવ આવ્યો હતો, એમાંથી એકને ઓમિક્રોન વેરિયન્ટ ડિટેક્ટ થયો છે. ૧ તારીખે સેમ્પલ જીનોમ માટે મોકલવામાં આવ્યું હતું.વિદેશથી આવેલા ૪૫૦ લોકોના ૩૦ નવેમ્બરે સેમ્પલ લેવામાં આવ્યાં હતાં અને ૧ ડિસેમ્બરે ટેસ્ટિંગ માટે સેમ્પલ પુણે મોકલવામાં આવ્યાં હતાં, જેનો રિપોર્ટ આજે આવતાં જેમાં ૪ કોરોના પ્રોઝિટિવ અને એક ઓમિક્રોન રિપોર્ટ પોઝિટિવ આવતાં તંત્ર દોડતું થઇ ગયું છે, જ્યારે ૩ લોકોના રિપોર્ટ આવવાના બાકી છે. એક ઓમિક્રોન રિપોર્ટ પોઝિટિવ તંત્ર દ્વારા ૮૭ લોકોને ટ્રેસ કરવામાં આવ્યા છે.

જામનગરમાં ત્રણ દિવસ પૂર્વે એક પરિવારના સાત લોકો કોરોના પોઝિટિવ આવ્યા હતા. જ્યારે આજે ઘાતક ગણાતા નવા ઓમિક્રોન વેરિયન્ટનો કેસ નોંધાતાં આરોગ્યતંત્ર દોડતું થયું છે. આ દર્દીને આઈસોલેશન વોર્ડમાં દાખલ કરવામાં આવ્યો છે. કોરોના પોઝિટિવ જાહેર થયેલા દર્દીના નમૂના લઇ પુણે લેબમાં મોકલી આપ્યા હતા. નવા વેરિયન્ટની ભારતમાં એન્ટ્રી થઇ ચૂકી છે ત્યારે આફ્રિકાની ટ્રાવેલ હિસ્ટ્રી ધરાવતા દર્દીના રિપોર્ટ પર સવિશેષ નજર રાખવામાં આવી રહી છે.

જામનગરમાં ૨ ડિસેમ્બરે વધુ એક પોઝિટિવ દર્દી નોંધાયો હતો. સતત વધતા જતા કોરોનાગ્રાફને લઈને શહેરમાં ચિંતાનું મોજું ફરી વળ્યું છે. એક જ પરિવારના સાત દર્દી નોંધાયા હતા. જોકે ત્યાર બાદ સતત બે દિવસમાં બે કેસ નોંધાયા હતા. સતત વધતા જતા કોરોનાગ્રાફ ચિંતાનો વિષય તો છે જ, પણ આજે આ ચિંતા બેવડાઈ છે, કારણ કે કોરોનાના નવો વેરિયન્ટ ભારતમાં દસ્તક દઈ ચૂક્યો છે. ખૂબ જ ઝડપી ચેપી એવા ઘાતક આ વેરિયન્ટને લઈને દેશમાં નવી ચિંતા ઉમેરાઈ છે ત્યારે આજે જામનગરમાં નોંધાયેલા ઓમિક્રોન વેરિયન્ટ શંકાસ્પદ જાહેર થતાં જીજી હોસ્પિટલમાં પોઝિટિવ જાહેર થયેલા દર્દીના નમૂના લઇ પુણે લેબમાં મોકલી આપ્યા હતા. આ દર્દી આફ્રિકાની ટ્રાવેલ હિસ્ટ્રી ધરાવે છે. ઓમિક્રોનના દર્દીને પગલે આરોગ્યતંત્ર સહિત શહેરમાં ચિંતા છે.

મહાનગરપાલિકાના કમિશનર વિજય ખરાડીએ જણાવ્યું હતું કે સરકારની ગાઈડલાઈન્સ આવી ચૂકી છે કે જે લોકોને બી.૧.૫.૧.૨.૯ છે તેમને આપણે એક આઈસોલેશન હોય એમાં એક રૂમ અલગ કરીને રાખીએ છીએ અને કોવિડ સિવાયનો એક રૂમ અલગ કરી એની અંદર ટ્રીટમેન્ટ પ્રોટોકોલનો કરીને રાખીએ છીએ. એની અંદર એવી રીતે ટ્રીટમેન્ટ આપવાની હોય છે.ખરાડીએ જણાવ્યું હતું કે જ્યારે પોઝિટિવ કેસ આવે છે ત્યારે તરત જ આરોગ્યતંત્ર ટેસ્ટિંગ ચાલુ કરે છે અને આપણે બે પ્રકારના ટેસ્ટિંગ કરીએ છીએ, જેમાં નજીકથી મળ્યા હોય એને, જ્યારે હાઈ રિસ્ક ટેસ્ટિંગ અને લો રિસ્ક ટેસ્ટિંગ હોય છે તથા આજુબાજુના લોકો, જેઓ તેના સંપર્કમાં આવ્યો હોય. આરોગ્ય ખાતાને સૂચના પણ આપી દીધી છે કે શહેરમાં જ્યાં જરૂર પડે ત્યાં ચેકિંગની કામગીરી હાથ ધરવી. ઓમિક્રોન વેરિયન્ટથી આરોગ્યતંત્ર અલર્ટ થઈ ગયું છે.

### ભારત સામે આખરે ચીને ઝુકવુ પડ્યું

## શ્રીલંકાના ટાપુઓ પર ચીનના હાઈબ્રિડ એનર્જી પ્લાન્ટ્સનું કામકાજ બંધ કરવું પડયું

નવીદિલ્હી,તા.૪

શ્રીલંકાના ટાપુઓ પર ચીનના હાઈબ્રિડ એનર્જી પ્લાન્ટ્સ સામે ભારતે વાંધો ઉઠાવ્યા પછી ચીને ત્રણ ટાપુઓ પર તેના આ પ્રોજેક્ટ્સનું કામકાજ બંધ કરવું પડયુ છે. જાન્યુઆરીમાં ચીનની કંપની સિનો સૌર હાઈબ્રિડ ટેક્નલોજીને શ્રીલંકાના જાફનાના દરિયાકાંઠા નજીક ત્રણ ટાપુઓ ડેલ્ફટ, નાગાદીપ અને અનાલ્થિવુમાં હાઈબ્રિડ વૈકલ્પિક ઊર્જા સિસ્ટમ ઈન્સ્ટોલ કરવાનો કોન્ટ્રાક્ટ અપાયો હતો. જોકે, આ ત્રણે ટાપુઓ તામિલનાડુની ખૂબ જ નજીક હોવાથી ભારતે આ પ્રોજેક્ટ સામે વાંધો ઉઠાવ્યો હતો.

ભારતે વાંધો ઉઠાવ્યા પછી અંતે ચીને ભારતનું નામ લીધા વિના પુષ્ટી કરી હતી કે, ત્રીજા પક્ષની સલામતીની ચિંતાઓના કારણે શ્રીલંકાની ઉત્તરે ત્રણ ટાપુઓ પર હાઈબ્રિડ એનર્જી સિસ્ટમ ઊભી કરવાનો સિનો સૌર હાઈબ્રિડ ટેક્નોલોજીનો પ્રોજેક્ટ રદ કરવામાં આવ્યો છે. તેના બદલે ચીને ઉમેર્યું હતું કે, તેણે માલ્દિવ્સમાં ૧૨ ટાપુઓમાં સોલાર પાવર પ્લાન્ટ સ્થાપવા ૨૯મી નવેમ્બરે એક કોન્ટ્રાક્ટ મેળવ્યો છે.

ન્યૂઝફર્સ્ટ.આઈકેના અહેવાલ મુજબ વર્ષ ૨૦૨૧ના પ્રારંભમાં ભારતે ડેલ્ફટ, નાગાદીપ અને અનાલ્થિવુમાં વૈકલ્પિક એનર્જી પાવર પ્લાન્ટના બાંધકામ માટે ચીનની કંપનીને ટેન્ડર આપવા સામે શ્રીલંકા સમક્ષ 'તીવ્ર વાંધો' ઊઠાવ્યો હતો. અહેવાલમાં જણાવાયું હતું કે, આ કોન્ટ્રાક્ટ સપોર્ટિંગ ઈલેક્ટ્રિસિટી સપ્લાય રિલાયેબિલિટી ઈમ્પ્રુવમેન્ટ પ્રોજેક્ટના ભાગરૂપે અપાયો હતો. આ પ્રોજેક્ટનો અમલ સિલોન ઈલેક્ટ્રિસિટી બોર્ડ (સીઈબી) દ્વારા કરાયો હતો અને એશિયન ડેવલપમેન્ટ બેંક (એડીબી)એ તેને ભંડોળ પૂરું પાડયું હતું.

શ્રીલંકન સરકારે ડીપ-સી કન્ટેનર પોર્ટ વિકસાવવા માટે ભારત અને જાપાન સાથેનો ત્રીપક્ષીય કરાર રદ કર્યાના મહિનાઓ પછી ગયા મહિને કોલોમ્બો પોર્ટનું પૂર્વીય કન્ટેનર ટર્મિનલ વિકસાવવા માટે સરકારી માલિકીની ચીન હાર્બર એન્જિનિયરિંગ કંપનીને કોન્ટ્રાક્ટ આપ્યો હતો. ચીન બેઈજિંગના વિવાદાસ્પદ બેલ્ટ એન્ડ રોડ ઈનિશિયેટિવ (બીઆરઆઈ) પ્રોજેક્ટ હેઠળ શ્રીલંકામાં વિવિધ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સમાં સૌથી મોટા રોકાણકારોમાંનું એક છે.

## દેશમાં ઓમિક્રોનના શકમંદ એવા ૧૪૦ વિદેશી દર્દીઓ ગુમ

ન્યુદિલ્હી, તા.૦૪

કર્ણાટકમાં ઓમિક્રોન વેરિઅન્ટના બે કેસ નોંધાયા પછી તંત્ર સાબદું થઈ ગયું છે અને વિદેશી પ્રવાસીઓનું નિરીક્ષણ સઘન બનાવી દીધું છે. જોકે, બેંગ્લુરુમાં આફ્રિકન દેશોમાંથી આવેલા ૧૦ વિદેશી નાગરિક ગુમ થઈ ગયા છે. એટલું જ નહીં તેમના ફોન પણ બંધ આવી રહ્યા છે. બેંગ્લુરુમાં ઓમિક્રોનના બે કેસ મળ્યા હતા, જેમાંથી એક દક્ષિણ આફ્રિકાથી આવેલ વિદેશી પ્રવાસી હતો. આ સિવાય આફ્રિકામાંથી ૫૭ વિદેશી પ્રવાસીઓ બેંગ્લુરુ આવ્યા છે. તેમાંથી ૧૦ વિદેશી નાગરિકોની આફ્રિકાના દેશોની ટ્રાવેલ હિસ્ટ્રી મળી છે, પરંતુ સ્થાનિક તંત્ર આ લોકોને શોધી શકતું નથી. આ બધાના ફોન બંધ છે. તેમણે એરપોર્ટ પર જે સરનામું આપ્યું હતું તેના પર પણ તે મળ્યા નથી. અધિકારીઓએ જણાવ્યું કે છેલ્લા ત્રણ દિવસમાં ૧૨૫ વિદેશી પ્રવાસીઓ ચૌધરી ચરણસિંહ આંતરરાષ્ટ્રીય હવાઈમથકે ઉતર્યા હતા, પરંતુ તંત્રને તેમની કોઈ માહિતી મળી શકી નથી. વધુમાં કર્ણાટકમાં ઓમિક્રોનના બે કેસ મળી આવ્યા પછી રાજ્ય સરકારે નવા પ્રતિબંધો લાદ્યા છે, જેમાં રસીના બંને ડોઝ લીધા હશે તેમને જ મોલ, સિનેમા હોલ, થિયેરમાં પ્રવેશ અપાશે. સ્કૂલ-કોલેજ જતા વિદ્યાર્થીઓના માતા-પિતા માટે પણ આ જ નિયમ લાગુ કરાયો છે. દરમિયાન દેશમાં કોરોનાના એક્ટિવ કેસની સાથે નવા કેસમાં પણ આંશિક વધારો નોંધાયો છે. જોકે, એક્ટિવ કેસ એક લાખથી નીચે રહ્યા છે. એક્ટિવ કેસમાં સતત બીજા દિવસે વધારો નંધાયો હતો. દેશમાં શુક્રવારે કોરોનાના નવા ૯,૨૧૬ કેસ નોંધાયા હતા અને વધુ ૩૯૧નાં મોત થયા હતા. આ સાથે કુલ કેસ ૩,૪૬,૧૫,૭૫૭ થયા હતા જ્યારે મૃત્યુઆંક ૪,૭૦,૧૧૫ થયો છે અને એક્ટિવ કેસ વધીને ૯૯,૯૭૬ થયા છે. દેશમાં કોરોનાના કુલ ૩,૪૦,૪૫,૬૬૬ દર્દીઓ સાજા થયા છે.ભારતના કર્ણાટકમાં ઓમિક્રોનના બે કેસ નોંધાયા હોવાની જાહેરાત પછી હવે દિલ્હી-મુંબઈ સહિત દેશના અન્ય ભાગોમાં પણ ઓમિક્રોનના શંકાસ્પદ કેસો વધી રહ્યા છે. ચાર રાજયોમાં ૩૦થી વધુ વિદેશી પ્રવાસીઓ કોરોના પોઝિટિવ હોવાનું જણાયું છે. દિલ્હીમાં ઓમિક્રોન વેરિઅન્ટથી સંક્રમિત હોવાની શંકા હેઠળ ૧૨ દર્દીઓને એલએનજેપી હોસ્પિટલમાં દાખલ કરાયા છે જ્યારે મુંબઈમાં નવ વિદેશી પ્રવાસીઓ કોરોના પોઝિટિવ આવતા તંત્રમાં દોડધામ મચી ગઈ છે. આ પ્રવાસીઓ ઓમિક્રોન વેરિઅન્ટથી સંક્રમિત છે કે નહીં તે જાણવા તેમના સેમ્પલ સિક્વન્સિંગ માટે મોકલી દેવાયા છે. કર્ણાટકમાંથી ઓમિક્રોનના બે કેસ નોંધાયા પછી કેન્દ્ર અને સરકારની ચિંતા વધી ગઈ છે. એવામાં દિલ્હી, ઉત્તર પ્રદેશ, કર્ણાટક, રાજસ્થાન સહિતના રાજ્યોમાંથી ૩૦ વિદેશી પ્રવાસીઓ કોરોના પોઝિટિવ આવ્યા હોવાનું જણાયું છે. તેમના નમૂના લઈને ટેસ્ટિંગ માટે મોકલી અપાયા છે. અધિકારીઓએ જણાવ્યું કે, કોરોના પોઝિટિવ આવેલા મોટાભાગના વિદેશી પ્રવાસીઓ દક્ષિણ આફ્રિકાથી આવ્યા છે. આ બધા જ પ્રવાસીઓના કોન્ટેક્ટ ટ્રેકિંગનું કામ શરૃ થઈ ગયું છે. સૂત્રોએ જણાવ્યું હતું કે, ઓમિક્રોનથી સંક્રમિત હોવાની આશંકાએ આઠ દર્દીઓને ગુરુવારે અને ચાર દર્દીઓને શુક્રવારે લોકનાયક જયપ્રકાશ નારાયણ (એલએનજેપી) હોસ્પિટલમાં દાખલ કરાયા હતા. આ ૧૨ દર્દીમાંથી બેના કોરોના ટેસ્ટ પોઝિટિવ આવ્યા છે જ્યારે અન્ય બેના રિપોર્ટની રાહ જોવાઈ રહી છે. સૂત્રોએ જણાવ્યું કે ચાર શકમંદોમાંથી બે બ્રિટનથી, એક ફ્રાન્સથી અને એક નેધરલેન્ડથી આવ્યા છે. બીજીબાજુ ૧૦મી નવેમ્બરથી ૨જી ડિસેમ્બર વચ્ચે મુંબઈ એરપોર્ટ પર ઉતરનારા વિદેશી પ્રવાસીઓમાંથી ૯ પ્રવાસી કોરોના પોઝિટિવ આવ્યા છે. તેમના સેમ્પલ જિનોમ સિક્વન્સિંગ માટે મોકલાયા છે. આ સિવાય જયપુર અને દક્ષિણ આફ્રિકાથી આવેલા ૪ લોકો કોરોના પોઝિટિવ હોવાનું જણાયું છે. જયપુરમાં એક જ પરિવારના નવ સભ્યો કોરોના પોઝિટિવ આવ્યા છે. તેમના સેમ્પલ જિનોમ સિક્વન્સિંગ માટે મોકલી અપાયા છે. આ નવમાંથી ચાર લોકો તાજેતરમાં જ દક્ષિણ આફ્રિકાથી પાછા ફર્યા હતા. તેમને રાજસ્થાન યુનિવર્સિટી ઓફ હેલ્થ સાયન્સમાં દાખલ કરાયા છે.

## કેદારનાથ અને ચમોલીના રસ્તાઓ, પહાડ, મકાન સફેદ ચાદરથી ઢંકાયા

દહેરાદુન,તા.૪

ઉત્તરાખંડમાં સિઝનની પહેલી બરફવર્ષા થઈ છે. કેદારનાથ, ચમોલી, નંદા દેવી નેશનલ પાર્કમાં બરફ વર્ષા થઈ. તો બરફવર્ષાના કારણે રાજયના મોટાભાગના શહેરોમાં ઠંડીનો પારો ગગડ્યો છે. બીજી તરફ બરફવર્ષાના કારણે પહાડોએ જાણે સફેદ ચાદર ઓઢી હોય તેવા દ્રશ્યો જોવા મળ્યા.ઉત્તરાખંડમાં મોસમનો મિજાજ બદલાયો છે. રાજયના પહાડી વિસ્તારમાં બરફવર્ષાની શરૂઆત થઈ ગઈ છે. તો મેદાની વિસ્તારમાં પણ મોસમે કરવટ બદલવાનું શરૂ કરી દીધુ છે. કેદારનાથ, ચમોલી, નંદા દેવી નેશનલ પાર્ક, બુમ્પા ગામ સહિતના વિસ્તારોમાં બરફવર્ષા થઈ.બરફવર્ષાના કારણે ઠેર ઠેર બરફની ચાદર છવાઈ છે. જેના પગલે રમણીય દ્રશ્યો સર્જાયા. ત્યારે આવા કુદરતી દ્રશ્યોએ લોકોને મંત્રમુગ્ધ કરી દીધા.

ઉત્તરાખંડમાં સિઝનની પહેલી બરફવર્ષાએ વાતાવરણ બદલી નાખ્યું છે. મોટાભાગના વિસ્તારોમાં સિઝનનો પહેલો બરફ પડ્યો છે. આ ક્ષેત્રના વિસ્તારોએ જાણે કે સફેદ ચાદર ઓઢી લીધી હોય તેવા દ્રશ્યો જોવા મળ્યા.લોકોના ઘર, માર્ગો અને પહાડ તમામ બરફથી ઢંકાયેલા જોવા મળ્યા. ચારેતરફ ફેલાયેલી સફેદ ચાદરના કારણે સમગ્ર ઉત્તર ભારતનું તાપમાન પ્રભાવિત થયું છે.

## આજે પણ આપણે અગાઉની સરકારોમાં થયેલા કૌભાંડોની ભરપાઈ કરી રહ્યા છીએઃ વડાપ્રધાન

દેહરાદૂન,તા.૪

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે (શનિવારે) ઉત્તરાખંડના પ્રવાસે છે. પીએમ મોદીએ ઉત્તરાખંડમાં ૧૮ હજાર કરોડ રૂપિયાની પરિયોજનાઓની શરૂઆત કરી. પીએમ મોદીએ આ અવસર પર એક જનસભાને પણ સંબોધિત કરી. પીએમ મોદીએ કહ્યું કે આ વિસ્તારનો વિકાસ અમારી સરકારની સર્વોચ્ચ પ્રાથમિકતા છે. આ પ્રોજેક્ટ્સ આ દાયકાને ઉત્તરાખંડનો દાયકો બનાવશે.

પીએમના સંબોધન પહેલા ઉત્તરાખંડ બીજેપી અધ્યક્ષ મદન કૌશિકે જનસભાને સંબોધી હતી. તેમણે કલમ ૩૭૦ હટાવવા અને વિશ્વના સૌથી મોટા રસીકરણ અભિયાન, મફત રાશન અને ગરીબો માટે આવાસ યોજનાઓ માટે પીએમ મોદીનો આભાર માન્યો.જનસભાને સંબોધતા ઉત્તરાખંડના સીએમ પુષ્કર સિંહ ધામીએ કહ્યું કે આ આપણું સૌભાગ્ય છે કે આજે આપણો દેશ પીએમ નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં વિકાસના પંથે આગળ વધી રહ્યો છે. વડાપ્રધાનને હું ખાતરી આપું છું કે તમારા મહાયજ્ઞ માટે જે પણ બલિદાનની જરૂર પડશે તે માટે ઉત્તરાખંડના લોકો તૈયાર રહેશે. કોરોનાના સમયગાળા દરમિયાન એક તરફ પીએમ એ ગરીબ લોકોને બે ટાઈમનું ભોજન આપ્યું તો બીજી તરફ આયુષ્માન યોજનામાં તેમને મફત સારવાર મળશે તેવી ખાતરી આપી. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દિલ્હી-દહેરાદૂન ઈકોનોમિક કોરિડોરના મોડલનું નિરીક્ષણ કર્યું. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું કે, છેલ્લા સાડા ચાર વર્ષમાં ઉત્તરાખંડના વિકાસ માટે ૧ લાખ કરોડ રૂપિયાથી વધુના પ્રોજેક્ટને મંજૂરી આપવામાં આવી છે. આજે પણ ૧૮ હજાર કરોડ રૂપિયાથી વધુના પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ કરવામાં આવ્યો છે. આ પ્રોજેક્ટ્સમાં દિલ્હી-દહેરાદૂન ઈકોનોમિક કોરિડોરનો સમાવેશ થાય છે. આ કોરિડોર લગભગ ૮,૩૦૦ કરોડ રૂપિયાના ખર્ચે બનાવવામાં આવશે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ વધુમાં જણાવ્યું હતું કે, જે લોકો પૂછે છે કે ડબલ એન્જિન સરકારનો ફાયદો શું છે, તેઓ આજે જોઈ શકે છે કે ઝડપી વિકાસ થયો છે. પૂર્વ વડાપ્રધાન અટલ બિહારી વાજપેયીએ ભારતમાં કનેક્ટિવિટી વધારવા માટે અભિયાન શરૂ કર્યું હતું, પરંતુ તેમના પછી દસ વર્ષ સુધી એવી સરકાર રહી જેણે દેશનો સમય વેડફ્યો. ઈન્ફ્રાસ્ટ્રક્ચર કૌભાંડો અને ગફતા થયા. અમે તેના નુકસાનની ભરપાઈ કરવા માટે બમણી ઝડપે કામ કર્યું.



## તંત્રી સ્થાનેથી...

# મોટાભાગના શહેરોમાં યુવા ગુનાઓનું સ્તર ઝડપથી વધી રહ્યું છે



*છેલ્લા કેટલાક દાયકાઓમાં ઘણા શહેરોમાં યુવા અપરાધના સ્તરમાં ચિંતાજનક વધારો જોવા મળ્યો છે. આ દિવસોમાં ચોર, ઘરફોડ ચોરી અને હત્યાના સમાચારો વધ્યા છે પરંતુ તેનાથી વધુ ખતરનાક બાબત એ છે કે ગુનેગારોની સરેરાશ ઉંમર દિવસેને દિવસે ઘટી રહી છે. ઘણા અહેવાલો ગુનાઓમાં યુવાનોની સંડોવણીમાં વધારો સૂચવે છે અને આ ઘટના ચિંતાજનક સ્તરે પહોંચી ગઈ છે જ્યાં તેના કારણો અને સંભવિત ઉકેલો પર નિષ્ણાતોના મંતવ્યો જરૂરી છે.*

*પહેલું કારણ પરિવાર સાથે જોડાયેલું છે. બાળક સંતુલિત રીતે મોટા થાય તે માટે તે ખૂબ જ મહત્વપૂર્ણ છે કે તેના અથવા તેણીના માતાપિતા દ્વારા તેનું સારી રીતે પાલન-પોષણ કરવામાં આવે. જો કે આ દિવસોમાં ઘણી વાર એવું બને છે કે બાળકોની ઉપેક્ષા કરવામાં આવે છે. આ એ હકીકતને કારણે હોઈ શકે છે કે હવે શહેરોમાં ઘણા માતા-પિતાએ બંનેને કામ કરવું પડે છે તેથી ઘણી વાર જરૂર પડે ત્યારે તેમના બાળકોને ટેકો આપવા માટે આસપાસ હોતા નથી. અન્ય પરિબળ એ વિશ્વભરમાં ગરીબીનું વધતું સ્તર છે. અમે વૈશ્વિકીકરણ સાથે જોયું છે કે અમીર વધુ સમૃદ્ધ થાય છે અને ગરીબ વધુ ગરીબ થાય છે, અને આનો અનિવાર્ય અર્થ એ છે કે જેઓ વધુ ગરીબ છે તેઓએ અન્ય લોકો પાસે જે છે તે મેળવવા માટે ગેરકાયદેસર માર્ગોનો આશરો લેવો પડશે. અલબત્ત, આમાં ગરીબ પરિવારના બાળકોનો સમાવેશ થશે.*

*યુવા અપરાધના મુખ્ય કારણોમાંનું એક નકારાત્મક પારિવારિક વાતાવરણ છે. કેટલાક બાળકો અને કિશોરો ઘરમાં સુખી જીવન જીવતા નથી અને આનાથી તેઓ કેટલીક એવી ક્રિયાઓ કરવા તરફ દોરી જાય છે જે ધ્યાન માટે સામાજિક રીતે સ્વીકાર્ય નથી અથવા કારણ કે તેઓ ક્યારેય સાચામાંથી ખોટું શીખ્યા નથી. ઉદાહરણ તરીકે, જો ત્યાં માતા-પિતા હંમેશા કામ કરતા હોય, તો એક યુવાન વ્યક્તિ શોપલિફ્ટ કરી શકે છે અને આશા પણ રાખી શકે છે કે તેઓ પકડાઈ જશે જેથી ત્યાં માતાપિતાને તેમના પર થોડું ધ્યાન આપવાની ફરજ પડશે.*

*બીજું મુખ્ય કારણ તેમના સામાજિક અથવા શાળાના જીવનમાં દબાણ છે. બાળકો અને કિશોરો સફળ થવા માટે ઘણા દબાણ હેઠળ હોય છે, અને નાના ગુના કરવા એ થોડો ઉત્તેજના મેળવવાનો અને તેમના જીવનને નિયંત્રણમાં રાખવાનો એક માર્ગ હોઈ શકે છે. આને એ હકીકત દ્વારા સમર્થન મળે છે કે ઘણા બાળકો તોડફોડ અથવા નકામી વસ્તુઓની દુકાન લિફ્ટિંગ જેવા અર્થહીન ગુનાઓ કરે છે જે ફક્ત મનોરંજન માટે કરવામાં આવે છે.*

*જો કે, આવી સમસ્યાઓનો સામનો કરવાની રીતો છે. સૌપ્રથમ, સમસ્યાનો સામનો કરવાની એક રીત છે કડક સજાઓ. જો કે, ઉપર ચર્ચા કર્યા મુજબ, તે બહારના પરિબળો હોઈ શકે છે જે ગુના તરફ દોરી જાય છે, તેમ છતાં, કિશોરોને અપરાધથી રોકવા માટે સખત સજા કરવી મહત્વપૂર્ણ છે. ઘણી વાર, કારણ કે તેઓ યુવાન છે, અદાલતો ખૂબ હળવા હોય છે. માતાપિતાએ પણ તેમના બાળકોની ક્રિયાઓ માટે વધુ જવાબદારી લેવી પડશે. જો તેમના બાળકો ગુનો કરે તો તેમને પણ સજા થવી જોઈએ.*

*યુવા ગુનામાં વધારો ઘર અને શાળામાં પરિબળો સાથે સંકળાયેલ હોઈ શકે છે. તેમ છતાં, આ સમસ્યાઓ હોવા છતાં, તેમની સાથે વ્યવહાર કરવાની કેટલીક રીતો છે જે યુવાનો શા માટે ગુના કરવાનું નક્કી કરે છે તેના કારણો પર ધ્યાન કેન્દ્રિત કરે છે.*

## ચાંદીમાં ૪,૭૫૩ ટનના વોલ્યુમ સાથે વાયદાના ભાવમાં રૂ.૨,૪૯૭નો ઘટાડો

# કોટનના વાયદામાં ગાંસડીદીઠ રૂ.૨,૫૫૦નો કડાકો: સીપીઓ, રબર, મેન્થા તેલ, કપાસમાં સાર્વત્રિક નરમાઈનો માહોલ: ક્રૂડ તેલ રૂ.૮૭૦ તૂટ્યુ

મુંબઈ

દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં ૨૬ નવેમ્બરથી ૨ ડિસેમ્બરના સપ્તાહ દરમિયાન ૨૫,૬૯,૪૦૪ સોદાઓમાં કુલ રૂ.૨,૦૩,૧૩૨.૭૯ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કીમતી ધાતુઓના સૂચકાંક બુલડેક્સના ડિસેમ્બર વાયદામાં ૪૬૨ પોઈન્ટ, બિનલોહ ધાતુઓના સૂચકાંક મેટલડેક્સના ડિસેમ્બર વાયદામાં ૫૦૯ પોઈન્ટ અને ઊર્જા સૂચકાંક એનર્જી ઈન્ડેક્સના ડિસેમ્બર વાયદામાં ૧,૦૫૫ પોઈન્ટની મૂવમેન્ટ રહી હતી.

કીમતી ધાતુઓમાં સોના-ચાંદીમાં ૧૦,૦૫,૦૨૨ સોદાઓમાં કુલ રૂ.૫૮,૩૨૬.૪૪ કરોડનાં કામકાજ થયાં હતાં. સોનાના વાયદાઓમાં સોનું ડિસેમ્બર વાયદો ૧૦ ગ્રામદીઠ સપ્તાહના પ્રારંભે રૂ.૪૭,૬૧૫ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૪૮,૨૨૩ અને નીચામાં રૂ.૪૭,૨૧૪ સુધી જઈ, સપ્તાહનાં અંતે રૂ.૨૦૭ ઘટી રૂ.૪૭,૨૧૪ના ભાવે બંધ થયો હતો. આ સામે ગોલ્ડ-ગિની ડિસેમ્બર કોન્ટ્રેક્ટ ૮ ગ્રામદીઠ રૂ.૩૧૪ ઘટી રૂ.૩૮,૦૩૧ અને ગોલ્ડ-પેટલ ડિસેમ્બર કોન્ટ્રેક્ટ ૧ ગ્રામદીઠ રૂ.૩૫ ઘટી રૂ.૪,૭૩૯ના ભાવે બંધ થયો હતો.

ચાંદીના વાયદાઓમાં ચાંદી ડિસેમ્બર વાયદો ૧ કિલોદીઠ સપ્તાહના પ્રારંભે રૂ.૬૩,૧૦૧ ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૬૩,૪૭૬ અને નીચામાં રૂ.૬૦,૫૫૬ સુધી જઈ, સપ્તાહનાં અંતે રૂ.૨,૪૯૭ ઘટી રૂ.૬૦,૬૫૩ બંધ થયો હતો. ચાંદી-માઈક્રો ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ રૂ.૨,૬૩૮ ઘટી રૂ.૬૧,૪૨૪ અને ચાંદી-મિની ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ રૂ.૨,૬૨૯ ઘટી રૂ.૬૧,૪૨૩ બંધ થયો હતો.

બિનલોહ ધાતુઓમાં ૧,૪૦,૯૮૫ સોદાઓમાં રૂ.૨૬,૫૩૨.૩૨ કરોડના વેપાર થયા હતા. એલ્યુમિનિયમ ડિસેમ્બર કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૭.૩૫ ઘટી રૂ.૨૦૯.૮૫ અને જસત ડિસેમ્બર કોન્ટ્રેક્ટ રૂ.૮.૪૦ ઘટી રૂ.૨૬૮ના ભાવે બંધ થયો હતો. આ સામે તાંબુ ડિસેમ્બર કોન્ટ્રેક્ટ રૂ.૨૦.૧૫ ઘટી રૂ.૭૨૫.૪૫ અને નિકલ ડિસેમ્બર કોન્ટ્રેક્ટ રૂ.૪૨.૫ ઘટી રૂ.૧,૫૩૮.૬૦ તેમ જ સીસું ડિસેમ્બર કોન્ટ્રેક્ટ રૂ.૧.૩૦ ઘટી રૂ.૧૮૫ના ભાવે બંધ થયો હતો.

એનર્જી સેગમેન્ટમાં ૭,૭૮,૯૨૯ સોદાઓમાં કુલ રૂ.૬૭,૯૭૪.૧૩ કરોડનો ધંધો થયો હતો. ક્રૂડ તેલ ડિસેમ્બર વાયદો સપ્તાહના પ્રારંભે રૂ.૫,૮૨૬ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૫,૮૨૬ અને નીચામાં રૂ.૪,૭૦૬ સુધી જઈ, સપ્તાહનાં અંતે ૧ બેરલદીઠ રૂ.૮૭૦ ઘટી રૂ.૪,૯૬૭ બોલાયો હતો, જ્યારે નેચરલ ગેસ ડિસેમ્બર વાયદો ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૭૩.૨૦ ઘટી રૂ.૩૦૯.૭૦ બંધ થયો હતો.

કૃષિ કોમોડિટીઝમાં ૧૯,૫૯૩ સોદાઓમાં રૂ.૨,૫૧૬.૬૧ કરોડનાં કામકાજ થયા હતા. કપાસ એપ્રિલ વાયદો ૨૦ કિલોદીઠ સપ્તાહના પ્રારંભે રૂ.૧,૮૨૨.૦૦ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૧૮૨૨.૦૦ અને નીચામાં રૂ.૧૭૦૦.૦૦ સુધી જઈ, સપ્તાહનાં અંતે રૂ.૮૯.૦૦ ઘટી રૂ.૧,૭૧૩.૫૦ બંધ થયો હતો. આ સામે રબર ડિસેમ્બર વાયદો ૧૦૦ કિલોદીઠ રૂ.૧૯,૩૫૧ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૧૯,૩૫૧ અને નીચામાં રૂ.૧૮,૦૧૧ સુધી જઈ, સપ્તાહનાં અંતે રૂ.૧,૩૩૫ ઘટી રૂ.૧૮,૨૩૪ના ભાવે બંધ થયો હતો. સીપીઓ ડિસેમ્બર કોન્ટ્રેક્ટ ૧૦ કિલોદીઠ રૂ.૧,૧૨૮.૮૦ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૧૧૨૮.૮૦ અને નીચામાં રૂ.૧૦૮૬.૦૦ સુધી જઈ, સપ્તાહનાં અંતે રૂ.૩૬.૨૦ ઘટી રૂ.૧૦૯૧.૪૦ બંધ થયો હતો. મેન્થા તેલના વાયદાઓમાં ડિસેમ્બર કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૩.૮૦ ઘટી રૂ.૯૩૭.૨૦ અને કોટન ડિસેમ્બર કોન્ટ્રેક્ટ ૧ ગાંસડીદીઠ રૂ.૨,૫૫૦ ઘટી રૂ.૩૦,૨૭૦બંધ થયો હતો.

કામકાજની દ્રષ્ટિએ કીમતી ધાતુઓમાં સોનાના વિવિધ વાયદાઓમાં ૨,૧૩,૩૩૨ સોદાઓમાં રૂ.૨૮,૫૧૦.૩૯ કરોડનાં ૫૯,૪૫૫.૦૨૪ કિલો અને ચાદીના વિવિધ વાયદાઓમાં ૭,૯૧,૬૯૦ સોદાઓમાં કુલ રૂ.૨૯,૮૧૬.૦૫ કરોડનાં ૪,૭૫૩.૩૭૮ ટનના વેપાર થયા હતા. બિનલોહ ધાતુઓમાં એલ્યુમિનિયમના વાયદાઓમાં રૂ.૨,૭૬૧.૫૪ કરોડનાં ૧,૩૦,૫૦૫ ટન, જસતના વાયદાઓમાં રૂ.૩,૨૪૦.૪૨ કરોડનાં ૧,૧૯,૩૫૦ ટન, તાંબુ કોન્ટ્રેક્ટ્સમાં રૂ.૧૨,૨૯૨.૪૪ કરોડનાં ૧,૬૮,૪૯૭.૫ ટન, નિકલના વાયદાઓમાં રૂ.૭,૪૧૨.૮૭ કરોડનાં ૪૭,૯૦૪ ટન અને સીસું કોન્ટ્રેક્ટ્સમાં રૂ.૮૨૫.૦૫ કરોડનાં ૪૪,૫૫૫ ટનનાં કામકાજ થયાં હતાં. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલના વાયદાઓમાં ૪,૬૫,૦૭૯ સોદાઓમાં રૂ.૪૬,૩૯૮.૦૨ કરોડનાં ૯,૦૦,૫૨,૭૦૦ બેરલ અને નેચરલ ગેસના વાયદાઓમાં ૩,૧૩,૮૫૦ સોદાઓમાં રૂ.૨૧,૫૭૬.૧૧ કરોડનાં ૬૧,૫૫,૧૭,૫૦૦ એમએમબીટીયૂનો ધંધો થયો હતો. કૃષિ કોમોડિટીઝમાં કપાસના વાયદાઓમાં ૧૩ સોદાઓમાં રૂ.૦.૪૬ કરોડનાં ૫૨ ટન અને કોટનના વાયદાઓમાં ૧૦,૧૫૨ સોદાઓમાં રૂ.૧,૦૨૩.૮૦ કરોડનાં ૩૨૭૦૫૦ ગાંસડી, મેન્થા તેલના વાયદાઓમાં ૪૨૭ સોદાઓમાં રૂ.૧૭.૮૫ કરોડનાં ૧૮૯.૭૨ ટન, રબરના વાયદાઓમાં ૧૮૨ સોદાઓમાં રૂ.૩.૯૦ કરોડનાં ૨૦૭ ટનના વેપાર થયા હતા. સીપીઓના વાયદાઓમાં ૮,૮૧૯ સોદાઓમાં રૂ.૧,૪૭૦.૬૦ કરોડનાં ૧,૩૩,૧૫૦ ટનનાં કામકાજ થયાં હતાં. ઓપન ઈન્ટરેસ્ટ સપ્તાહના અંતે સોનાના વિવિધ વાયદાઓમાં ૧૪,૦૫૪.૩૧૦ કિલો અને ચાંદીના વિવિધ વાયદાઓમાં ૬૬૩.૪૪૩ ટન, એલ્યુમિનિયમમાં ૧૨,૨૫૫ ટન, જસત વાયદામાં ૮,૫૭૫ ટન, તાંબુ કોન્ટ્રેક્ટ્સમાં ૧૪,૧૪૫ ટન, નિકલ વાયદામાં ૨,૩૪૯ ટન, સીસું કોન્ટ્રેક્ટ્સમાં ૨,૮૯૫ ટન, ક્રૂડ તેલમાં ૯,૦૨,૯૦૦ બેરલ અને નેચરલ ગેસમાં ૧,૨૫,૭૦,૦૦૦ એમએમબીટીયૂ તેમ જ કપાસમાં ૯૨ ટન, કોટનમાં ૧૨૯૭૨૫ ગાંસડી, મેન્થા તેલમાં ૩૪૨.૩૬ ટન, રબરમાં ૭૦ ટન, સીપીઓમાં ૭૩,૦૫૦ ટનના સ્તરે રહ્યો હતો.

ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, સપ્તાહ દરમિયાન ૨૮,૩૨૯ સોદાઓમાં રૂ.૨,૩૪૫.૫૮ કરોડનાં કામકાજ થયાં હતાં, જેમાં બુલડેક્સ વાયદામાં ૧૩,૬૨૦ સોદાઓમાં રૂ.૧,૦૮૧.૧૩ કરોડનાં ૧૫,૨૬૨ લોટ્સ અને મેટલડેક્સ વાયદામાં ૯,૮૧૩ સોદાઓમાં રૂ.૯૨૨.૧૬ કરોડનાં ૧૧,૦૪૪ લોટ્સના વેપાર થયા હતા, જ્યારે એનર્જી ઈન્ડેક્સ વાયદામાં ૪,૮૯૬ સોદામાં રૂ.૩૪૨.૨૯ કરોડનાં ૫,૦૨૪ લોટ્સનાં કામકાજ થયાં હતાં. ઓપન ઈન્ટરેસ્ટ સપ્તાહના અંતે બુલડેક્સ વાયદામાં ૨,૨૭૮ લોટ્સ અને મેટલડેક્સ વાયદામાં ૭૮૬ લોટ્સ તેમ જ એનર્જી ઈન્ડેક્સમાં ૨૬૩ લોટ્સના સ્તરે રહ્યો હતો. બુલડેક્સ ડિસેમ્બર વાયદો ૧૪,૨૧૦ના સ્તરે ખૂલી, ઊપરમાં ૧૪,૩૮૭ અને નીચામાં ૧૩,૯૨૫ના સ્તરને સ્પર્શી, ૪૬૨ પોઈન્ટની મૂવમેન્ટ સાથે ૨૪૪ પોઈન્ટ ઘટી ૧૩,૯૩૫ના સ્તરે પહોંચ્યો હતો, જ્યારે મેટલડેક્સ ડિસેમ્બર વાયદો ૧૭,૦૦૫ના સ્તરે ખૂલી, ૫૦૯ પોઈન્ટની મૂવમેન્ટ સાથે ૪૭૭ પોઈન્ટ ઘટી ૧૬,૫૭૨ના સ્તરે પહોંચ્યો હતો. એનર્જી ઈન્ડેક્સનો ડિસેમ્બર વાયદો ૬,૦૧૦ના સ્તરે ખૂલી, નીચામાં ૪,૯૫૫ સુધી જઈ, સપ્તાહ દરમિયાન ૧,૦૫૫ પોઈન્ટની મૂવમેન્ટ સાથે સપ્તાહના અંતે ૯૪૮ પોઈન્ટ ઘટી ૫,૧૪૮ના સ્તરે બંધ થયો હતો.

ઓપ્શન્સની વાત કરીએ તો, કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં ૫,૯૬,૫૪૬ સોદાઓમાં રૂ.૪૫,૪૩૭.૭૧ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. સોનાના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૨,૨૩૦.૭૦ કરોડ, ચાંદી તથા ચાંદી-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૪૧૩.૦૬ કરોડ અને ક્રૂડ તેલના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૪૨,૭૮૭.૭૪ કરોડનાં કામકાજ થયાં હતાં.

## કેનેડામાં ઓમિક્રોનના ૧૫ કેસ આવતા ભારતની ચિંતામાં વધારો

ન્યુદિલ્હી, તા.૦૪

હૈદરાબાદના આરજીઆઈ એરપોર્ટ ખાતે એક જ દિવસમાં ૭ મુસાફરો કોરોના પોઝિટિવ આવ્યા છે અને સૌને ટ્રૈસ્જી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલા છે. અત્યાર સુધીમાં ૧૨ આંતરરાષ્ટ્રીય મુસાફરો કોરોના સંક્રમિત આવ્યા છે જેમાંથી ૯ યુકે, ૧ સિંગાપુર, ૧ કેનેડા અને ૧ મુસાફર અમેરિકાથી ભારત પહોંચ્યો છે. કેનેડાથી આવેલો આ કેસ વધારે ચિંતાજનક છે કારણ કે, અત્યાર સુધી દક્ષિણ આફ્રિકી દેશોમાંથી આવેલા મુસાફરોને લઈ એલર્ટ મોડ આપવામાં આવી રહ્યું છે પરંતુ હવે જ્યારે કેનેડામાં પણ ઓમિક્રોનના કેસ વધી રહ્યા છે તો ભારતે વધુ સાવધ રહેવાની સ્થિતિ ઉદ્ભવી છે. દેશ અને દુનિયા માટે કોરોનાનો નવો ઓમિક્રોન વેરિએન્ટ નવી મુસીબત બની ગયો છે.

કેનેડા ખાતે ઓમિક્રોન વેરિએન્ટના ૧૫ કેસની પૃષ્ટિ થઈ છે. આ સાથે જ એવી આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે કે, ત્યાં ફરી એક વખત કોરોના ખૂબ જ ખરાબ રીતે ફેલાઈ શકે છે. સાર્વજનિક સ્વાસ્થ્ય અધિકારીઓ દ્વારા આ પ્રકારની જાણકારી આપવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે, કેનેડામાં મોટી સંખ્યામાં ભારતીયો રહે છે અને ત્યાંથી ભારતીયોની અવર-જવર પણ મોટા પ્રમાણમાં થતી રહે છે. તેવામાં આ ભારત માટે ચિંતાની મોટી વાત છે. બીજી બાજુ દેશમાં પહેલેથી જ કોરોનાનો એક કેસ નોંધાઈ ચુક્યો છે જે કેનેડાથી આવેલ છે.

# મોદી અને પૂર્વ વડાપ્રધાન મનમોહન સિંહ વચ્ચે ન થઇ શકે કોઇ સરખામણી: સિંધિયા

## વડાપ્રધાન નરેન્દ્ર મોદીની તેમની કામ કરવાની શૈલીની ભારતનાં પૂર્વ વડાપ્રધાન મનમોહન સિંહ સાથે તુલના કરીને પ્રશંસા કરી છે



નવીદિલ્હી,તા.૪

નાગરિક ઉડ્ડયન મંત્રી જ્યોતિરાદિત્ય સિંધિયાએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીની તેમની કામ કરવાની શૈલીની ભારતનાં પૂર્વ વડાપ્રધાન મનમોહન સિંહ સાથે તુલના કરીને પ્રશંસા કરી છે. તેમણે મોદીને એક ગતિશીલ નેતા ગણાવ્યા જે પરિણામોને પસંદ કરે છે. ખાનગી ન્યૂઝ ચેનલનાં એક કાર્યક્રમમાં તેમણે ભારપૂર્વક કહ્યું હતું કે, બન્ને વચ્ચે કોઈ સરખામણી થઈ શકે નહીં.

વર્તમાન વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને પૂર્વ વડાપ્રધાન મનમોહન સિંહની કાર્યશૈલી વિશે અવાર-નવાર ચર્ચા થાય છે. જ્યારે ચર્ચા થાય છે, ત્યારે આ પ્રશ્ન પણ ચોક્કસપણે ઉભો થાય છે કે બન્નેની કામ કરવાની શૈલી કેટલી અલગ છે. આવી જ એક ચર્ચા દરમિયાન કેબિનેટ મંત્રી જ્યોતિરાદિત્ય સિંધિયાને એક સવાલ પૂછવામાં આવ્યો, તો તેમણે જે જવાબ આપ્યો તે જાણવા જેવો છે. મનમોહન સિંહ અને નરેન્દ્ર મોદીએ વડાપ્રધાન તરીકે જે રીતે કામ કર્યું છે તેને તે વ્યક્તિ જ કહી શકે છે જેમણે બન્ને સાથે કામ કર્યુ હોય. જ્યોતિરાદિત્ય સિંધિયા એવા નેતા છે જેમણે બન્ને સાથે કામ કર્યું છે. એક ન્યૂઝ ચેનલનાં કાર્યક્રમમાં જ્યારે જ્યોતિરાદિત્ય સિંધિયાને પ્રશ્ન પૂછવામાં આવ્યો ત્યારે તેમણે નરેન્દ્ર મોદીને પરિણામલક્ષી અને ગતિશીલ નેતા ગણાવ્યા. કાર્યક્રમમાં જ્યોતિરાદિત્ય સિંધિયાએ ભારપૂર્વક કહ્યું હતું કે, બન્ને વચ્ચે કોઈ સરખામણી થઈ શકે નહીં. જ્યારે નાગરિક ઉડ્ડયન મંત્રી સિંધિયાને વડાપ્રધાન તરીકે મનમોહન સિંહ અને નરેન્દ્ર મોદીની કાર્યશૈલીમાં તફાવત વિશે પૂછવામાં આવ્યું ત્યારે તેમણે કહ્યું, “મારું માનવું છે કે બન્નેની સરખામણી કરવી મુશ્કેલ છે. બન્ને નેતાઓ વચ્ચે જમીન-આસમાનનો તફાવત છે.” PM મોદી પરિણામલક્ષી અને ગતિશીલ નિર્ણય નિર્માતા છે. તેમણે વધુમાં ઉમેર્યું હતું કે, “છેલ્લા ચાર મહિનાનો મારો અનુભવ કહે છે કે પરિણામલક્ષી ઉત્પાદકતા આધારિત સિસ્ટમ હોવી એ મારા જેવા લોકો માટે એક સુવર્ણ તક છે જેઓ બેંકિંગ પૃષ્ઠભૂમિ જેવા ક્ષેત્રમાંથી રાજકારણમાં આવ્યા છે.

જ્યોતિરાદિત્ય સિંધિયા, વડા પ્રધાન નરેન્દ્ર મોદીની કેબિનેટનાં ઉચ્ચ પ્રોફાઈલ મંત્રીઓમાં એક, એવા નેતા છે જે બિન-ભાજપ પૃષ્ઠભૂમિ ધરાવે છે. સિંધિયા, જે એક સમયે કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીનાં નજીકનાં સાથી હતા, તેમણે મનમોહન સિંહની કેબિનેટમાં કેબિનેટ મંત્રી તરીકે કામ કર્યું છે. સિંધિયા ૨૦૨૦માં કોંગ્રેસમાંથી રાજીનામું આપીને ભાજપમાં જોડાયા હતા. બાદમાં તેમને નરેન્દ્ર મોદી સરકારમાં કેબિનેટ મંત્રી બનાવવામાં આવ્યા હતા અને તેઓ નાગરિક ઉડ્ડયન વિભાગ સંભાળી રહ્યા છે. કોંગ્રેસ પાર્ટી છોડવાના સવાલ પર સિંધિયાએ કહ્યું કે, કોંગ્રેસ એક એવી પાર્ટી છે જ્યાં કોઈ એન્ટ્રી કે એક્ઝિટ ઈન્ટરવ્યું લેવામાં આવતુ નથી.

# અમદાવાદ આવેલી ફ્લાઈટમાં એક પ્રવાસી કોરોના પોઝિટિવ આવતા તંત્ર દોડતું થયું

અમદાવાદ,તા.૪

દેશમાં કોરોનાના કેસ હાલમાં ઓછા થયા છે. જોકે, આ દરમિયાન દક્ષિણ આફ્રિકામાં કોરોના વાયરસનો નવો વેરિઅન્ટ સામે આવતા ફરીથી ડર ફેલાયો છે. આ દરમિયાન ગઈકાલે શુક્રવારે યુકેથી અમદાવાદ આવેલા એક પ્રવાસીનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવતા તંત્રની ચિંતા વધી છે. હાલ આ પ્રવાસીને ક્વૉરન્ટીન કરી દેવામાં આવ્યો છે. આ સાથે જ તેની આસપાસમાં બેઠેલા મુસાફરોને પણ કેન્દ્ર સરકારની ગાઈડલાઈન પ્રમાણે તમામ નિયમો પાળવાની સૂચના આપી દેવામાં આવી છે. ઓમિક્રોન વેરિઅન્ટને લઈને હાલ અમદાવાદ તંત્ર સજ્જ બન્યું છે. એરપોર્ટ પર આંતરાષ્ટ્રીય ફ્લાઈટમાં આવતા લોકોના કોરોના ટેસ્ટ કરવામાં આવી રહ્યા છે. હાઈરિસ્ક વાળા ૧૧ દેશમાંથી આવતા લોકોના ફરજીયાત ટેસ્ટિંગ થઈ રહ્યા છે.

મળતી માહિતી પ્રમાણે શુક્રવારે યુકેથી ૨૨૨ પ્રવાસી સીધી ફ્લાઈટ મારફતે અમદાવાદ ઈન્ટરનેશનલ એરપોર્ટ પર પહોંચ્યા હતા. હાલ તંત્ર તરફથી હાઈરિસ્ક ધરાવતા દેશોમાંથી આવતા પ્રવાસીઓના કોરોના ટેસ્ટ કરવામાં આવી રહ્યા છે. આ જ રીતે ૨૨૨ પ્રવાસીઓના ઈ્ઁ-ઝઈ ટેસ્ટ કરવામાં આવ્યા હતા. જેમાંથી એક પ્રવાસીનો ઈ્ઁ-ઝઈ ટેસ્ટ પોઝિટિવ આવ્યો છે. આ પ્રવાસી અમદાવાદ બહારનો હોવાનું જાણવા મળ્યું છે. એવી પણ જાણકારી મળી છે કે આ પ્રવાસી યુકેમાં કોરોના પોઝિટિવ થયો હતો. જે બાદમાં ૧ ડિસેમ્બરના રોજ તેનો કોરોના રિપોર્ટ નેગિટિવ આવી ગયો હતો. આથી તેને પ્રવાસની મંજૂરી આપવામાં આવી હતી. અમદાવાદ ખાતે તેનો ઈ્ઁ-ઝઈ ટેસ્ટ પોઝિટિવ આવ્યો છે.

હાલ પ્રવાસીનો ઈ્ઁ-ઝઈ ટેસ્ટ પોઝિટિવ આવ્યો છે. પ્રવાસીને કોરોનાના કયા વેરિઅન્ટનો ચેપ લાગ્યો છે તેની તપાસ માટે હાલ તેનું સેમ્પલ પુણે ખાતે જિનોમ સિક્વન્સિંગ માટે મોકલી દેવામાં આવ્યું છે. બીજી તરફ પ્રવાસીને નિયમ પ્રમાણે હોમ ક્વૉરન્ટિન સહિતની તમામ તકેદારી રાખવાની સૂચના આપી દેવામાં આવી છે.

# આઝમ ખાન પર મદરેસા પર કબ્જો કરવાનો આરોપ, યુપી મદરેસા બોર્ડ એફઆઇઆર દાખલ કરાવશે

લખનૌ,તા.૪

ઉત્તરપ્રદેશ મદરેસા બોર્ડના ચેરમેન ડો ઈફતેખાર અહમદે સાંસદ આઝમ ખાન પર સરકારી મદરેસા પર કબજો કરવાનો આરોપ લગાવ્યો છે.અહમદે કહ્યું કે યુપીમાં સપાની સરકારમાં રામપુરની મદરેસા પર કબ્જો કર્યો છે.એવામાં રામપુરથી સાંસદ અને યુપીના પૂર્વ કેબિનેટ મંત્રી આઝમ ખાનની મુશ્કેલી વધી શકે છે ખાન પહેલા જ જેલમાં બંધ છે.આરોપ છે કે આઝમ ખાને પૂર્વવર્તી સપા સરકારમાં રામપુરની એક સરકારી મદરેસા પર કબ્જો કર્યો છે. આઝમ ખાન ફેબ્રુઆરી ૨૦૨૦થી જ સીતાપુર જેલમાં બંધ છે.તેમના પર રામપુરમાં ગેરકાયદેસર કબજો અને નકલી પ્રમાણ પત્ર બનાવવા જેવા અનેક આરોપ લાગ્યા છે.

ડો ઈફતેખાર અહમદનું કહેવું છે કે તે હાલના દિવસોમાં અલગ અલગ જીલ્લામાં જઈ મદરેસાઓની બાબતમાં માહિતી એકત્રિત કરી રહ્યાં છે આ સાથે જ તે મદરેસામાં જઈ તેમનું નિરીક્ષણ કરી રહ્યાં છે અને નીતિગત વિષયો પર પણ જાણકારી લઈ રહ્યાં છે.અહમદ જાવેદે આઝામ ખાન પર કાર્યવાહી કરવાની વાત કહી છે તેમણે કહ્યું કે આઝમ ખાને રામપુરમાં એક જુની મદરેસા પર કબજો જમાવ્યો છે.મદરેસા બોર્ડના ચેરમેને મેરઠની મદરેસાનું નીરિક્ષણ કરવા પહોંચ્યા.જાની અને ગુદડી બજારમાં મદરેસાનું નીરીક્ષણ કર્યા બાદ તેમણે પત્રકારો સાથેની વાતચીતમાં આઝમ ખાન પર કાર્યવાહી કરવાની વાત કહી છે.તેમણે કહ્યું કે રામપુરમાં એક જુની મદરેસાની નીરીક્ષણ કર્યું જેના પર આઝામનો કબજો છે અમે તેમની વિરૂધ્ધ સખ્ત કાર્યવાહી કરીશું

તેમણે કહ્યું કે રામપુરમાં એક જુની મદરેસા છે વર્ષ ૧૭૭૪ તેને બનાવવામાં આવી હતી.સમગ્ર પ્રદેશમાં એક માત્ર મદરેસા છે જે સરકારી છે.તે મદરેસાથી વિદેશથી પણ બાળકો અભ્યાસ માટે આવતા હતાં હવે આઝમ ખાને તેમને કન્વર્ટ કરી રામપુર પબ્લિક સ્કુલ બનાવી દીધી.ત્યારબાદ લીઝ પર લઈ અને મદરેસાને ઉઠાવી બીજી જગ્યાએ બે રૂમોમાં શિફ્ટ કરી દીધી બે રૂમોમાં ૫૩ બાળકો ભણે છે. તેમણે કહ્યું કે આઝામ સમુદાયના નેતા બને છે અને મદરેસા પર તેમણે આવી રીતે કબજો કરી રાખ્યો છે જે ખુબ તકલીફદાયક છે.આ મામલામાં કાર્યવાહી કરવામાં આવશે અને પુરી તપાસ કરવામાં આવશે આ સાથે જ ફાઈલ કાઢવામાં આવશે અને શું કહાની છે તેની પણ માહિતી લગાવવામાં આવશે

# આશા છે ખેડુતોની બેઠક પહેલા સમાધાન થઈ જશે : રાકેશ ટિકૈત

ન્યુદિલ્હી, તા.૦૪

હરિયાણાના મુખ્યમંત્રી મનોહર લાલ ખટ્ટરના ઘરે રાજ્ય સરકાર સાથેની લાંબી બેઠક યોજાઈ હતી પરંતુ તેનું કોઈ પરિણામ નહોતું આવ્યું. રાજ્ય સરકારે ખેડૂતો વિરૂદ્ધ નોંધાયેલા કેસ પાછા ખેંચવા સહિતની અન્ય માગણીઓ પર વિચારણા કરવા માટે ખેડૂત નેતાઓને બોલાવ્યા હતા. જોકે તેનું કોઈ પરિણામ નહોતું મળ્યું. ખેડૂત નેતા ગુરનામ સિંહ ચઢૂનીએ જણાવ્યું કે, આટલી લાંબી બેઠક બાદ પણ કોઈ સહમતિ નથી સધાઈ. સરકારે નરમી કે ગરમી કશું જ ન દેખાડ્યું. ત્યાર બાદ રાકેશ ટિકૈતનું આ નિવેદન સામે આવ્યું છે. ટિકૈતે કહ્યું હતું કે, આજે એસકેએમની બેઠકથી કેટલીક આશાઓ છે. કમિટી બનાવવાની વાત છે અને બીજા મુદ્દાઓ અંગે ચર્ચા થશે. આજની બેઠકમાં સીડ બિલ, ટ્રેક્ટર, વીજળી, કમિટીની રચના અંગે વાત કરવામાં આવશે. તેમણે જણાવ્યું કે, આંદોલન આ ૪-૫ મુદ્દાઓ પર જ પૂરૂ થઈ જશે તે વાતને લઈ સૌ એકમત છે. સિંધુ બોર્ડર પર આજે ખેડૂત સંગઠનોની બેઠક યોજાવાની છે તેના પહેલા ખેડૂત નેતા રાકેશ ટિકૈતે એક મહત્વનું નિવેદન આપ્યું છે. રાકેશ ટિકૈતે કહ્યું હતું કે, આશા છે કે, આજની બેઠકમાં કોઈ સમાધાન નીકળવું જોઈએ. આજની બેઠકમાં સંયુક્ત કિસાન મોરચાની સમગ્ર ટીમ અને તેના સાથે સંકળાયેલા તમામ સંગઠનો ઉપસ્થિત રહેશે. વધુમાં જણાવ્યું કે, કૃષિ કાયદાને છોડી દઈએ તો ૪થી ૫ મોટા મુદ્દાઓ છે. તેમાં એમએસપી, ખેડૂતો વિરૂદ્ધ નોંધાયેલા કેસ, કેન્દ્રીય મંત્રી ટેની વિરૂદ્ધની કાર્યવાહી અને સરકાર દ્વારા ટ્રેક્ટર જપ્ત કરવામાં આવ્યા તેનો સમાવેશ થાય છે.

ન્યુઝ ઓફ ગાંધીનગર.

# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક આયોજિત સાહિત્ય સરિતા ગ્રુપ. આયોજક : પ્રદીપ રાવલ




: NOG સાહિત્ય સરિતા ગૃપ
NOG NO.0059
વિષયઃ પ્રકૃતિ સાથે પ્રવાસ.
પ્રકારઃગદ્ય લેખ-' પ્રકૃતિ વર્ણન'.
શીર્ષકઃ 'અવિસ્મરણીય અનુભવહ્ન
શબ્દોઃ ૨૮૮

પ્રકૃતિ સાથે, માનવજીવન તેનાં જન્મથી મૃત્યુપર્યંત જોડાયેલુ રહે છે, પછી તે તેના સ્વભાવના અનુસંધાનમાં હોય કે કુદરતી વાતાવરણના સંબંધે કે પછી તેનાં શારીરિક આરોગ્ય સાથે!
આમ માનવ જન્મ,પણ પ્રકૃતિની દેણ છે ને !
પ્રકૃતિ વગર, માનવજીવનની કલ્પના પણ અસંભવ,કેમ ખરુંને?
પ્રકૃતિ,એ સમગ્ર સૃષ્ટિની આન- બાન-શાન છે.
પ્રકૃતિ એટલે કુદરતની
અકળલીલા ! જે અનેક સ્વરૂપે
આપણે જોઈ શકીએ છીએ તેમજ અનેક રીતે માણીએ છીએ.

પ્રકૃતિ સાથે પ્રવાસ માણવો, એટલે નજરોનજર કુદરતનાં કરિશ્માનો સ્વાનુભવ,અનુભૂતિ !
હા, પ્રકૃતિનું સાંનિધ્ય એટલે બહારગામ જવું, જરૂરી નથી તેમ અમે તે સમયે સ્વીકારતાં હતાં ,હોઈ શકે તે સમયની અમારી કલદારની કમી
'પ્યારેહ્ન, બચપણથી જ પાણીનો પ્રેમી,ગામની નદી સાતલી નદી, તેનો વિશાળ પટ, નદીકાંઠે બન્ને બાજુએ શોભતાં ઊંચા આકાશ ને આંબવા મથતાં ખજૂરીનાં વૃક્ષો, તેમ જ ચોગરદમ વિવિધ જાતની નૈસર્ગિક રીતે ઉગેલી વનરાઈ,લીલીછમ હરિયાળી, નદીકાંઠાની રેતીને પણ શોભાયમાન કરે.

સવારનાં દસથી બપોરના બાર સુધી અમારા પાંચ મિત્રોનું સાનિધ્ય નદીની સુંદરતામાં ચાર ચાંદ લગાવે! અરસપરસનો આટલો સુદ્રઢ સંબંધ હતો અમારો.
આ હતી અમારા ગામની નદી સાતલીની શાલીનતા
.
સમજોને સોના સાથે સુગંધનો સમન્વય !
હા, પાણીનાં વધુપડતાં સહવાસથી શરીર ઉપરની સફેદ ચામડી, શ્યામલ રંગને ચાહે.અને તેની સજારૂપે થોડા થોડાં દિવસે ઘરનાં વડીલોની નજરકેદમાં રહેવું પડે.જેનું ફરજિયાત પાલન કરવું પડે.ત્યારે,પ્રકૃતિનો સ્વીકારભાવ , મને - કમને સ્વીકારવોજ પડે !

એક વખત નદીની વચેં પડેલાં ઊંડા ઘૂનામાં અમારા બે મિત્રો ફસાઈ ગયાં, અમારા બધાનાં હોશકોશ ઊડી ગયાં હતાં,તે સમયે, અમને આકુળવ્યાકુળ
જોઈ,નદી કિનારેથી પાસ થતાં ગાડાવાળાની મદદથી અમારા બંને મિત્રોની જાન બચેલી તે વાત યાદ કરતાં આજે પણ શરીરમાં ઝણઝણાટી આવી જાય છે ,છતાં ખુદની જન્મભૂમિનાં તટ ઉપર માણેલી પ્રકૃતિની મધુરતા-સુંદરતાનું સ્મરણ આજે પણ અકબંધ , તાજગીભર્યું છે.
વાહ પ્રકૃતિ , વાહ તારો નજારો,
'પ્યારે'યાદ છે,સાતલીનો કિનારો!

જયકાન્ત ઘેલાણી 'પ્યારે'.

---

NOG સાહિત્ય સરિતા ગૃપ
NOG SS NO.32
વિષયઃ પ્રકૃતિ સાથે પ્રવાસ.
શીર્ષકઃકાશ્મીરની સૈર

નસીબ કયારે ખૂલે છે એની ખબર જ નથી પડતી, અચાનક જ મારો મોટો દીકરો કહે મોમ આપણે કાશ્મીરની સૈર કરવા જઈશું?. મને તો જાણે સપનુ લાગ્યું. અને જાણે સપનામાં ઉડવા લાગી. ચિત્રોમાં જોયુ હતું એ કાશ્મીર..હા હા.. કેમ નહી બધાની મંજૂરી હોય તો જરૂર જઈએ.

ખરેખર મારા મેરેજનાં હનીમૂનનું આ ગ્રેટ સપનું હતું જે પૂરું થવા જઈ રહ્યું હતુ...નક્કી કર્યા મુજબ ફ્લાઇટમાં ઉડ્યા જાણે આકાશનો નજારો જોયો... એવું થાય છે કે મનમાં જે વિચારીએ એ ભગવાન પૂરું કરે જ છે.

શ્રીનગરનાં ડાલ સરોવરની સૈર, શિંકારામાં હરવું ફરવું , હાઉસબોટમાં રહેવું એક અદ્ભૂત આનંદ હતો.જાણે કુદરતનું સ્વર્ગ એવુ કાશ્મીર. સોનમર્ગ અને ગુલબર્ગ આચ્છાદિત બરફમાં સ્લેજ ગાડીમાં બેસી જે આનંદ માણ્યો એ અનેરો હતો જાણે શબ્દમાં વર્ણવી નથી શકતી. પહેલગાંવમાં એક સુંદર હોટલમાં નિવાસ કર્યો. એક સુંદર સાઈટ સીન બાયસરન જોવા અમે ઘોડેસવારી કરીને ગયા.એક અનોખો આનંદ હતો.તબડાક કરતો જાય ઘોડો દોડતો.. એક ડર પણ હતો પડી જવાનો...પણ આનંદ જેનું નામ...મારુ સપનુ કાશ્મીર જવાનું ૧૯૭૮નું ૨૦૧૧ માં સાકાર થયુ.

મીના માંગરોલીયા મીનુ,અમદાવાદ

---

Nog: ss 0082
વિષયઃ પ્રકૃતિ, એક જીવનનો
મહામૂલો ઉપહાર,
પ્રકરઃ ગદ્ય,
શીર્ષકઃ ધરતી અને પ્રકૃતિનો સંગમ,

જલ, વાયુ, સૂર્ય પ્રકાશ, ચંદ્રમાં
આ બધું જે જીવો આ ધરતી ઉપર જીવે છે તેના માટે એક આશીર્વાદ રૂપ છે,
શિયાળામાં સુંદર શિત લહર,
ઉનાળામાં ગરમ ખુશનુમાં હવા,
ચોમાસામાં મેઘધનુષ્યનું કુદરતી
આહવાન, દરેકનાં જીવનમાં એક
આહલાદક અનુભૂતિનો અહેસાસ કરાવે છે,
પ્રકૃતિ સાથે જીવવાની એક કળા છે,
" બહારો ફૂલ બરસાઓ મેરા
આંગન ફૂલો સે ભરા હૈં ?
જીવન ત્રણેય ઋતુ પ્રમાણે જીવવા ટેવાયેલું છે,
સમગ્ર વિશ્વમાં ભારતની મિટ્ટીમાં ઉછરેલ માનવી
ક્યાંય નાસીપાસ થતો નથી, ભારતીય સંસ્કૃતિ
અને સભ્યતા જગતનાં ખૂણે ખૂણે પોતાના
આત્મબળથી એક
ખમીર સાથે સદાય અગ્રેસર થઈ
જ્વલંત સફળતા પ્રાપ્ત કરે છે,
ભારતીય જન દરેક પ્રકારના
વાતાવરણમાં જીવવાની એક
અનોખી શક્તિ ધરાવે છે,
તેમાં પ્રાકૃતિક ગુણો મહત્વનો ભાગ ભજવે છે,
ધરતી રસાધાર છે,
ધરતી મા સ્વરૂપે બિરાજી પોતાના સંતાનોને સદાય
અનુપમ
પ્રેમ, ગોદ, આશ્રય, માતૃત્વ,
અને અનંત પ્રેમની અનુભૂતિ કરાવે છે,
આ ધરતીનું આપણે જેટલું પણ ઋણ અદા કરીએ
તેટલું ઓછું છે.

ડો અનિરુદ્ધ વ્યાસ, નડિયાદ

NOG SS NO. 0095
વિષય :- પ્રકૃતિની સાથે યાદગાર પ્રવાસ
પ્રકાર :- ગદ્ય
શીર્ષક :- બદ્રીનાથ નો સુંદર નજારો

પ્રવાસથી મળતો આનંદ જીવનભર યાદ રહે છે .એવો જ એક પ્રવાસ છે બદ્રીકેદારનો !

અમે ઉત્તર ભારતનાં સુપ્રસિદ્ધ યાત્રાધામ બદ્રીકેદારની યાત્રાએ ગયા હતાં. એક સુપ્રસિદ્ધ સંતના માર્ગદર્શન હેઠળ અમે પંદરથી સોળ જેટલા મિત્રોએ સાથે મળીને આયોજન કર્યું હતું. અમદાવાદથી અમે રેલ્વે દ્વારા દિલ્હી પહોંચ્યા. ત્યાંથી બસ દ્વારા હૃષિકેશ પહોંચ્યા. એક દિવસ રોકાણ કર્યું. ગંગા સ્નાન કરીને થાક ઉતાર્યો. બીજે દિવસે બદરીનાથ જવા ઊપડ્યા.

પર્વતોના સર્પાકાર આકારથી શોભતા રસ્તાઓ જોતાં જોતાં અમે જોશીમઠ પહોંચ્યા. ત્યાં રાત્રી રોકાણ કર્યું. બીજે દિવસે સવારે અમે બદરીનાથ પહોંચ્યા. ઊતારામાં પહોંચી ને સામાન મૂકીને જમવા બેઠા. બપોરે બદરીનાથનાં મંદિરે દર્શન કરવા ગયા .મંદિરની બંને બાજુએ ગરમ પાણીનાં કુંડ છે , જેમાં ન્હાવાથી થાક ઉતરે છે .ત્યાં સ્નાન કરીને આગળ વધ્યા. દર્શન કરીને ધન્યતા અનુભવી. રાત્રિરોકાણ પણ ત્યાં જ કરીને વહેલી સવારે ઉઠીને ચારેતરફ બરફ છવાયેલો જોઈને ઝૂમી ઉઠ્યાં. બરફનાં ગોળા બનાવીને મસ્તી કરવાની બહુજ મજા આવી.

બીજે દિવસે ત્યાંથી નીકળી ગૌરીકુંડ પહોંચ્યા. અહીં પણ ગરમ પાણીનો ઝરો સતત વહેતો રહે છે એમાં સ્નાન કરીને તાજગી મેળવી .સવારે ટટ્ટુ પર સવારી કરીને કેદારનાથ ગયા. ઘણાં યાત્રિકો પગપાળા ને ઘણાં ડોળીમા જતાં હતાં. ચારેતરફ બરફથી આચ્છાદિત પર્વતોની મધ્યમાં આવેલાં મંદિરની રમણીયતા જોઈને હૈયું પુલકિત થયું. ત્યાંથી ગૌરીકુંડ પરત આવ્યા.

બદરીકેદારની યાત્રા ધાર્મિક તો હતી જ પણ સાથે સાથે પ્રાકૃતિક સૌંદર્યનો અનુભવ કરાવનારી હતી એટલે અનેરો આનંદ થયો. ત્યાંથી હરદ્વાર ગયા .અહીં તો અનેક મંદિરો અને સાધુસંતોનાં દર્શનનો લાભ મળ્યો. હરકી પેઢીની સંધ્યા આરતીનો લાભ લીધો. ગંગાસ્નાન કર્યું રાત્રિ રોકાણ કર્યુ બીજે દિવસે પરત અમદાવાદ આવવા નીકળ્યા.

આમ બદ્રીકેદારનો આ પ્રવાસ મારું જીવનભરનું યાદગાર સંભારણું બની રહ્યું.

દીપિકા ચાવડા " તાપસી "

## દિવ્યાંગ શબ્દ - મોદીજીની દેન

અગાઉ શારિરીક ખોડખાંપણ ધરાવતા સ્ત્રી, પુરૂષો કે બાળકો સાથે ઘણાં લોકો અછૂત જેવો વ્યવહાર રાખતા હતાં અને તેમનો અનાદર થાય એવા શબ્દો જેવા કે લૂલિયો, લંગડો, ખોડીયો, આંધળો, ટેઢો, ઠૂંઠિયો, બૂચિયો એવા અપમાનજનક શબ્દો વાપરતા હતાં. કેટલાકંને વિકલાંગતા જન્મજાત હતી તો કેટલાંકને અકસ્માત કે ચેપીરોગ વિગેરે થવાને કારણે હાથ પગ કે અન્ય અંગો ગુમાવવાનો વારો આવતો હતો. આવા શારિરીક ખોડખાંપણવાળા વ્યક્તિઓને પણ ઈશ્વરે દિલ આપ્યું છે અને આપણે એમને અપમાનજનક શબ્દોથી સંબોધીએ તો સ્વાભાવિક રીતે એમનું દિલ દુઃખાવાનું જ છે.

ત્યાર પછી આવા વ્યક્તિઓ માટે અપંગ, પંગુ, અપાહિજ કે વિકલાંગ જેવા શબ્દો વપરાવા લાગ્યા. અંધજનો માટે પ્રજ્ઞાચક્ષુ કે દિવ્યચક્ષુ જેવા નવા શબ્દો આવ્યાં. બોબડા અને બહેરા વ્યક્તિઓ માટે મૂકબધિર શબ્દ વપરાવા લાગ્યો. પરંતુ આપણાં હાલના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીને વિકલાંગ વ્યક્તિઓ માટે ખાસ સહાનુભૂતિ હતી અને એમને વિકલાંગ વ્યક્તિઓના અલગ અલગ સંબોધન વિશે મનમાં કાંઈક ખટકતુ હતું અને એમણે બહુ સમજી વિચારીને શારિરીક રીતે ખોડખાંપણ વાળા વ્યક્તિઓની લાગણી અને ગરિમા જળવાય એવો ×દિવ્યાંગ× નામનો શબ્દ સમાજને ભેટ તરીકે આપ્યો. આ દિવ્યાંગ શબ્દમાં તમામ પ્રકારની વિકલાંગતાનો સમાવેશ થઈ જાય છે અને તે વ્યક્તિનું માન સન્માન પણ જળવાઈ રહે છે. દિવ્યાંગ એટલે ખોડખાંપણ વાળા નહીં, પરંતુ દિવ્ય કે વિશિષ્ટ અંગો અને શક્તિ ધરાવતી વ્યક્તિઓ.આવા દિવ્યાંગ વ્યક્તિઓના માનાર્થે, સરકારે દર વર્ષે × વિશ્વ દિવ્યાંગ દિન×મનાવવાનું નક્કી કર્યું તેથી દર વર્ષે વિશ્વ દિવ્યાંગ દિન ઉજવવામાં આવે છે. આમ મોદીજીએ દિવ્યાંગ શબ્દની ભેટ આપીને પોતાની પાઘડીમાં એક નવું પીછું ઉમેર્યુ છે.

યોગેશભાઈ આર જોશી
હાલોલઃ ૩૮૯ ૩૫૦ જિ.પંચમહાલ

## "અનુસૂચિત જાતિના યુવક યુવતીઓ માટે જિલ્લાકક્ષાની વ્યક્તિત્વ વિકાસ અને યોગાસન તાલીમ શિબિર"

રાજ્યમાં વસતા અનુસૂચિત જાતિના ૧૫ થી ૩૫ વર્ષની વય મર્યાદા ધરાવતા યુવક યુવતીઓના સર્વાંગી વિકાસ માટે રાજ્ય સરકારે તાલુકાકક્ષાએ વ્યક્તિત્વ વિકાસ અને યોગાસન તાલીમ શિબિરનું આયોજન તમામ જિલ્લામાં કરવાનું નક્કી કરેલ છે.

તદઅનુસાર રાજ્યમાં વસતા અનુસૂચિત જાતિના ૧૫ થી ૩૫ વર્ષની વય ધરાવતા યુવક યુવતીઓના સર્વાંગી વિકાસ માટે રાજ્ય સરકાર દ્વારા જિલ્લાકક્ષાએ વ્યક્તિત્વ વિકાસ અને યોગાસન તાલીમ શિબિરની યોજના અમલમાં મુકવામાં આવેલ છે.

જેમાં પ્રત્યેક જિલ્લાના તાલુકા અને ઝોનકક્ષાએ યુવક યુવતીઓ માટે નિયત સ્થળે ૦૪ દિવસ માટે ૪૫ યુવક યુવતીઓ – વ્યક્તિત્વ વિકાસ અને યોગાસન તાલીમ શિબિર માહે – ડીસેમ્બર માસમાં યોજવામાં આવશે. આ શિબિર દરમ્યાન શિબિરાર્થીઓના વ્યક્તિત્વ વિકાસ માટે યુવક મંડળની સ્થાપના, રચનાની કાર્ય પધ્ધતિ, પંચાયતી માળખાનો ખ્યાલ, નેતૃત્વ અંગેના ગુણોની ચર્ચા, સામાજીક દુષણો સામે વિરોધ, રાષ્ટ્રીય એકતા તેમજ યુવક યુવતીઓની શક્તિઓને રચનાત્મક માર્ગે વાળવા અંગે તજજ્ઞો દ્વારા વિવિધ સમજ તેમજ માર્ગદર્શન આપવામાં આવશે.જયારે શિબિરાર્થીના શારીરિક-માનસિક તેમજ આધ્યાત્મક વિકાસ માટે યોગ શિક્ષક દ્વારા વિવિધ પ્રકારના આસનોના પ્રત્યેક જ્ઞાન દ્વારા સમજ આપવામાં આવશે. શિબિરાર્થીઓને શિબિરના સ્થળે આવવા-જવાનો પ્રવાસ ખર્ચ, ભોજન તેમજ નિવાસ ખર્ચ રાજ્ય સરકાર ભોગવશે. આ યોજનાનો ભાગ લેવા ઈચ્છિત માત્ર અનુસૂચિત જાતિના યુવક-યુવતીઓએ જિલ્લા યુવા વિકાસ અધિકારીશ્રી અને જિલ્લા રમત ગમત અધિકારીશ્રી , જિલ્લા રમતગમત અધિકારીશ્રીની કચેરી અમદાવાદ, ૭,માળ,રવિશંકર રાવળ કલાભવન, લો ગાર્ડન, અમદાવાદ વોટ્સએપ નંબર – ૯૧૦૪૩૨૨૩૯૦ પર મેસેજ કરી અથવા રૂબરૂ આવીને નિયત નમુનાનું ફોર્મ મેળવી તા. ૧૫/૧૨/૨૦૨૧ સુધીમાં ફોર્મ રૂબરૂમાં આ કચેરીને પરત મોકલી આપવાનું રહેશે.વધુ માહિતી માટે અત્રેની કચેરી નો સંપર્ક કરવો.

## સ્બામાં વોરંટ બજાવવા ગયેલા પોલીસકર્મી પર ૬ લોકોએ હુમલો કરી જાતિવાચક શબ્દો બોલી હડધૂત કરતા ચકચાર

મહેન્દ્ર પટેલ અરવલ્લી બ્યુરો મઠવાસ

મોડાસા ટાઉન પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા પોલીસકર્મી રિકવરી કમ પકડ વોરંટના આધારે કસ્બામાં રહેતા આરોપીને પકડવા ગયેલ પોલીસકર્મી પર આરોપી અને તેના આજુબાજુમાં રહેતા પુરુષ અને મહિલાઓએ હુમલો કરી ગાળો બોલી જાતિવિષયક અપમાનજનક શબ્દનો ઉપયોગ કરી જાનથી મારી નાખવાની ધમકી આપતા પોલીસકર્મી ફફડી ઉઠ્યો હતો વોરંટ બજાવવા ગયેલા પોલીસકર્મી પર હુમલો થતા ટાઉન પોલીસે ૬ લોકો સામે ગુન્હો નોંધી ૪ લોકોની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી.

મોડાસાના કસ્બાના સંજરી મંજીલ રાઠોડ ફળી બાલાપીર દરગાહની પાસે રહેતા અલ્તાફ હુસેન ગુલામનબી શેખ છેલ્લા કેટલાક સમયથી ગુન્હામાં નાસતો-ફરતો હોવાથી કોર્ટે રિકવરી કમ ધરપકડ વોરંટ કાઢતા ટાઉન પોલીસકર્મી ચીમનભાઈ ભગોરા ટાઉન પોલીસ સ્ટેશનની ફર્સ્ટ ગાડીમાં પોલીસકર્મીઓ સાથે તેના ઘરે વોરંટ બજાવવા ગયા હતા

આરોપી અલ્તાફહુસેન શેખ પોલીસકર્મીને જોઈ જતા તેના ઘર નજીક બકરા બાંધવાના વરંડામાં સંતાઈ જતા પોલીસકર્મી તેની પાસે પહોંચી રિકવરી કમ ધરપકડ વોરંટના આધારે ધરપકડ કરવા જણાવતા આરોપી અચાનક ઉશ્કેરાઈ જઇ પોલીસકર્મીને ગાળો બોલી ખોટી રીતે ધરપકડ કરવા આવેલ આરોપીને પતાવી દોની બૂમો પાડી દેકારો મચાવતા નજીકમાં ઉભેલા ૧)આદિલહુસેન મહંમદ સફી શેખ, ૨) તસલીમબાનુ નાસીરહુસેન ચૌહાણ, ૩)ગુલામનબી અબ્દુલમિયાં શેખ, ૪)સમીમબાનુ મોહંમદ રફીક શેખ અને ૫)કુરેશાબાનું ગુલામનબી શેખ દોડી આવી પોલીસકર્મી ગાળો બોલી તેમજ પોલીસકર્મીને અપમાજનક જાતિવિષયક અપશબ્દો બોલી જાનથી મારી નાખવાની ધમકી આપતા અન્ય પોલીસકર્મી દોડી આવતા આરોપી અલ્તાફહુસેન શેખ ધરપકડથી બચવા તેની બહેનના ખોળામાં બેભાન હોવાનો ડોળ કરી ૧૦૮ ઈમરજન્સી ઍમ્બ્યુલંસ મારફતે દવાખાને પહોંચી ગયો હતો પોલીસકર્મી પર હુમલો થતા અને સરકારી કામકાજમાં રુકાવટ કરતા ૬ આરોપીઓ સામે ટાઉન પોલીસ સ્ટેશનમાં એટ્રોસિટી એક્ટ સહીત ગુન્હો નોંધી અલ્તાફહુસેનને જેલના સળિયા પાછળ ધકેલી દઈ ૪ લોકોની અટકાયત કરી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી



પાળીયાદ ના સરકારી દવાખાના સામે આવેલા માતૃછાયા હોમિયોપેથીક દવાખાના ના ડૉ.ભરત જે કોશિયાણી દ્વારા ગઢ શિરવાણીયા ગામના દિનુબેન અરજણદાસ દુધરેજીયા જે છેલ્લા પાંચેક વર્ષથી પથરીના અસહ્ય દુખાવાથી પીડાતા હતા આ સમય ગાળા દરમિયાન ઘણા ડોક્ટરની સારવાર મેળવી પરંતુ તેમાં રાહત મળી ન હતી સોનોગ્રાફી કરાવતા તેમાં ૨૮ એમ એમ ની પથરી કિડનીમાં છે અને એનું ઓપરેશન કરાવવું પડશે જેનો અંદાજિત ખર્ચ ૫૦ હજારની આજુબાજુ થશે આ વાત સાંભળતા દિનુબેન હિંમત હારી ગયા હતા આ ખર્ચને પહોંચી વળવાની તેમની ક્ષમતા ન હોવાથી તેઓએ આ ઓપરેશન કરવાનું ટાળ્યું હતું પરંતુ આસપાસના સગા સંબંધીઓએ તેમને પાળીયાદના માતૃછાયા ક્લિનિક ના ડોક્ટર ભરતભાઈ કોશિયાણી નું નામ આપતા દિનુબેન પાળીયાદ આવ્યા હતા

સાહેબે રિપોર્ટ અને દર્દીને તપાસીને એમને પણ ઓપરેશન કરાવી લેવાની સલાહ આપી હતી પરંતુ દિનુબેન સાહેબે કાઢેલી પથરીઓ જોતા અને ડોક્ટર ભરતભાઈ એ નાના બાળકમાં સૌથી મોટી પથરી કાઢી વર્લ્ડ રેકોર્ડમાં સ્થાન મેળવ્યું છે તેના પર વિશ્વાસ વ્યક્ત કરતા ડોક્ટર કોશિયાણી દ્વારા સારવાર ચાલુ કરી હતી પહેલા પંદર દિવસની દવામાં ૫૦% જેવી રાહત મળતા દિનુબહેન ને હોમિયોપેથીક ની ઝીણી ઝીણી ગોળી પર પૂરેપૂરો વિશ્વાસ બેસી ગયો હતો અને ધીમે ધીમે સારવાર આગળ ચાલુ રાખતા જીણી જીણી પથરીઓ ની કણી નીકળવા લાગી હતી અંતે ડોક્ટર કોશિયાણી ની મહેનત રંગ લાવી હતી દિનુબહેન ને "૨૬એમએમ× ની પથરી કિડનીમાંથી આખે આખી પેશાબની નળી વાટે નીકળી ગઈ હતી આખરે દિનુબહેને પથરીની પીડા અને ઓપરેશન નો ડર એ બન્ને માંથી મુક્તિ મેળવી હતી દિનુબહેને ડોક્ટર કોશિયાણી સાહેબ નો ખુબ ખુબ આભાર વ્યક્ત કર્યો હતો આવી જ રીતે પથરીના દર્દ થી પીડાતા લોકો ના દુઃખ દૂર કરો એવા આશીર્વાદ આપ્યા હતા.

આ પહેલા પણ સૌથી મોટી પથરી ×૨૪.૫એમએમ'ની બોટાદના ડોક્ટર જીગ્નેશ હડિયલ દ્વારા કાઢવામાં સફળતા મળી હતી અને ગોલ્ડન બુક ઓફ વર્લ્ડ રેકોર્ડ મા સ્થાન મેળવ્યું હતું અહીયા ડૉ.કોશિયાણી દ્વારા ૨૬એમએમ જેવી મોટી પથરી કિડનીમાંથી પેશાબની નળી વાટે આખેઆખી નીકળતા તેમને પણ પોતાને ગોલ્ડન બુક ઓફ વર્લ્ડ રેકોર્ડમાં સ્થાન મળે અને નવો વિશ્વ વિક્રમ સર્જાય તેવા પ્રયત્નો ચાલુ કર્યા છે.

## અરવલ્લી : ગ્રામ પંચાયતોની ચૂંટણીમાં
# ૨,૩૯,૩૬૫ પુરુષો તથા ૨,૨૯,૦૨૬ સ્ત્રીઓ અને અન્ય ૦૬ મળી કુલ ૪,૬૮,૩૯૭ મતદારો મતાધિકારનો ઉપયોગ કરશે

મહેન્દ્ર પટેલ અરવલ્લી બ્યુરો મઠવાસ



રાજ્ય ચૂંટણી આયોગ,ગુજરાત રાજ્ય ગાંધીનગર દ્વારા ૧૯ ડિસેમ્બર ૨૦૨૧ના રોજ ગ્રામ પંચાયતોની સામાન્ય/મધ્યસત્ર/પેટા ચૂંટણીઓ યોજાશે. જેમાં ચૂંટણીમાં ઉમેદવારો માટે આદર્શ આચાર સંહિતા તા.૨૨ નવેમ્બર ૨૦૨૧ થી ગ્રામ પંચાયતોની ચૂંટણી હેઠળના વિસ્તારોમાં અમલી બની છે. અરવલ્લી જીલ્લામાં આગામી ચૂંટણી મુક્ત અને ન્યાયિક વાતાવરણમાં યોજાય તે રીતે જીલ્લા વહીવટી તંત્ર દ્વારા કામગીરી કરવામાં આવી છે.

જે અંતર્ગત અરવલ્લી મોડાસાના સર્કિટ હાઉસ ખાતે જીલ્લા કલેકટર ડૉ.નરેન્દ્રકુમાર મીના તથા જીલ્લા અધિક નિવાસી કલેકટર પ્રદીપસિંહ રાઠોડની ઉપસ્થિતિમાં ગ્રામ પંચાયતોની સામાન્ય/મધ્યસત્ર/પેટા ચૂંટણીઓ પૂર્વે હાથ ધરાયેલી વિગતો આપવા પત્રકાર પરિષદ યોજાઈ હતી.પત્રકાર પરિષદને સંબોધતા જીલ્લા કલેકટર ડૉ.નરેન્દ્રકુમાર મીનાએ જણાવ્યું કે, રાજ્ય સરકાર દ્વારા ૨૨ નવેમ્બરથી ચૂંટણીની જાહેરાત કરાઈ છે. જે અંતર્ગત મીડિયાના માધ્યમથી ચૂંટણી લગતા સમાચારો લોકો સુધી તેમજ અમારા સુધી પહોંચાડવામાં આપ સૌનો અમૂલ્ય ફાળો રહેલો છે. ચૂંટણી દરમિયાન અનેક બાબતો તંત્રના ધ્યાને આવતી નથી તેને ઉજાગર કરી અમારા સુધી પહોચાડવામાં આવે જેનાથી અમે પણ લોકોની સમસ્યાઓ નિરાકરણ લાવવા માટે અસરકારક પગલા લઇ શકીએ અને દરેક મુદ્દાઓનું અમે સમયસર નિરાકરણ લાવી શકીએ.

તેમણે વધુમાં કહ્યું કે, આપણે સૌ ભેગા મળીને કામ કરીએ. સરકારની કોરોના ગાઈડલાઈનનું પાલન કરીએ અને પ્રજાને પાલન કરાવીએ. તેમજ કોરોનાની રસી ન લીધી હોય તેમજ તમારી આજુબાજુ ન લીધેલ લોકોને રસી લેવા માટે અનુરોધ કર્યો. રાજ્ય સરકારે ઓમીક્રોન વાયરસને લઈને ઘણી સજ્જતા દાખવી પગલા લઇ રહી છે. જેમાં અરવલ્લી જીલ્લામાં ૬ તાલુકામાં ૨૩૦ ગ્રામ પંચાયતમાં સરપંચની ૨૦૧ બેઠકો તથા વોર્ડના સભ્યોની ૧૭૮૩ પર ચૂંટણી યોજાશે. જેમાં જીલ્લાના બાયડના ચોયલા ખાતે ગ્રામ પંચાયતની ૧ બેઠક પર મધ્યસત્ર ચૂંટણી યોજાશે. ગ્રામ પંચાયતોની સામાન્ય/મધ્યસત્ર/પેટા ચૂંટણીમાં ૬૮ અધિકારીઓની નિમણુંક કરવામાં આવેલ છે. જીલ્લામાં ૬૩૧ મતદાન મથકો પર સામાન્ય ચૂંટણી, જ્યારે ૫૭ મથકો પર પેટા ચૂંટણી તથા ૦૬ મથકો પર મધ્યસત્રની ચૂંટણી મળી કુલ ૬૯૪ મતદાન મથકો પર ચૂંટણી યોજાશે.

જેમાં ગ્રામ પંચાયતોની સામાન્ય/મધ્યસત્ર/પેટા ચૂંટણીઓમાં જીલ્લાના ૨,૩૯,૩૬૫ પુરુષો, ૨,૨૯,૦૨૬ સ્ત્રીઓ તથા અન્ય ૦૬ મળી કુલ ૪,૬૮,૩૯૭ મતદારો મતદાન કરશે. ચૂંટણી માટે ૧૪૩૦ મત પેટીની સંખ્યા ફાળવવામાં આવી છે. ચૂંટણીમાં તમામ તાલુકા મળીને કુલ ૩૯૧૪ સ્ટાફની ફળવાની કરાઈ છે. જેમાં ૭૫૫ પ્રમુખ અધિકારીઓનો સમાવેશ થાય છે. જેમાં ૧૫ જેટલા ઝોનલ અધિકારીઓને શાંતિથી પૂર્ણ થાય તે અનુસાર નિમવામાં આવ્યા છે. ગ્રામ પંચાયતોની સામાન્ય/મધ્યસત્ર/પેટા ચૂંટણીઓમાં ઝોનલ ઓફિસર તરીકે ૮૦ મદદનીશ ઝોનલ ઓફિસર તરીકે ૮૬ અધિકારીઓની નિમણુંક કરાઈ જ્યારે ૭૯ ટ્રકરૂટ/ઝોનરૂટ નિયત કરાયા છે. તેમજ જીલ્લામાં તાલુકાવાર મોડાસાની સરકારી ઈજનેરી કોલેજ, ભિલોડાની એન.આર.એ.હાઈસ્કુલ, મેઘરજની શ્રી.પી.સી.એન.હાઈસ્કુલ, બાયડના વાત્રકની સરકારી વિનયન કોલેજ, માલપુરની જે.પી.કે.ધુવાડ પ્રા.શાળા (પી,જી.મહેતા હાઈસ્કુલ કમ્પાઉન્ડ), તથા ધનસુરાના શ્રી.જે.એસ.મહેતા હાઈસ્કુલ ખાતે સ્ટ્રોંગરૂમ, રીસીવિંગ-ડિસ્પેચિંગ કેન્દ્રો તથા મતગણતરી કેન્દ્રો ઉભા કરાશે.

જીલ્લામાં શાંતિપૂર્ણ માહોલમાં ચૂંટણી યોજાય તે માટે તંત્ર દ્વારા અતિસંવેદનશીલ મતદાન મથકોની સંખ્યા ૧૧૪ તથા સંવેદનશીલ મતદાન મથકોની સંખ્યા ૧૪૪ ની ઓળખ કરાઈ છે. આ ચૂંટણીમાં કોરોના મહામારીને ધ્યાને લઈને જીલ્લા આરોગ્ય ટીમ દ્વારા સ્ટ્રોંગરૂમ, રીસીવિંગ-ડિસ્પેચિંગ કેન્દ્રો તથા મતગણતરી કેન્દ્રો પર થર્મલ ગન, ફેસ શીલ્ડ, થ્રી લેયર માસ્ક, એન.૯૫ માસ્ક, હેન્ડ ગ્લવઝ (પોલીગ સ્ટાફ માટે), હેન્ડ ગ્લવઝ યુઝ એન્ડ થ્રો, લીક્વીડ સોપ તેમજ સેનેટાઈઝર સ્પ્રેની સુવિધાઓ ઉપલબ્ધ કરાશે. આ પત્રકાર પરિષદમાં જીલ્લા નાયબ કલેકટર ડાભી, જીલ્લા પુરવઠા અધિકારી ડૉ.મીતા ડોડીયા, જીલ્લા સહાયક માહિતી નિયામક હરીશ પરમાર, નાયબ મામલતદાર ફાલ્ગુનીબેન, તથા પત્રકારો ઉપસ્થિત રહ્યા હતા.

# બાયડ તાલુકાની અહમદ પુરા ગ્રામ પંચાયતનું સમગ્ર સંચાલન હવે મહિલાઓના હાથમાં....

બાયડ (અરવલ્લી)

અરવલ્લી જિલ્લાની બાયડ તાલુકાની અહમદપુરા ગ્રામ પંચાયત સતત ત્રીજી વાર બિનહરીફ થઈ છે, પરંતુ આ વખતે મહત્વની બાબત એ છે કે, અરવલ્લી જિલ્લામાં પ્રથમ વાર અહમદપુરા ગ્રામ પંચાયતમાં સરપંચ સહિત તમામ સભ્યો મહિલાઓ છે, હવે પાંચ વર્ષ સુધી પંચાયતનું સંચાલન મહિલાઓ કરશે....



આજ રોજ બાયડ તાલુકાના પૂર્વ ધારાસભ્ય ધવલસિંહ ઝાલા તેમજ અહમદપુરા ગામના પૂર્વ સરપંચ અર્જુનસિંહની આગેવાની હેઠળ અહમદપુરા ગ્રામ પંચાયત તેમજ ગ્રામજનોએ નવતર પહેલ કરતાં પંચાયતની ચૂંટણીમાં મહિલા સરપંચ સહિત પંચાયતમાં તમામ મહિલા સભ્યોની બિનહરીફ નિમણૂક કરવામાં આવતાં હવે પંચાયતનું સુકાન મહિલાઓના હાથમાં આવી ગયું છે....

અહમદપુરા ગ્રામ પંચાયતમાં સર્વ સંમતિથી સરપંચ તરીકે શ્રીમતી પટેલ પ્રેમીલાબેન રતિલાલ ની બિનહરીફ વરણી કરવામાં આવી છે, તેમજ પંચાયતના સભ્ય તરીકે શ્રીમતી ઈરાબેન પરમાર, શ્રીમતી ચેતનાબેન પરમાર , શ્રીમતી અમરતબેન ડાભી, શ્રીમતી ગંગાબેન પરમાર , શ્રીમતી રેખાબેન પરમાર , શ્રીમતી ચંદરબેન રબારી તેમજ શ્રીમતી મીનાબેન પટેલની બિનહરીફ નિમણૂક કરવામાં આવી છે....

અહમદપુરા ગ્રામ પંચાયતમાં સરપંચ સહિત તમામ સભ્યો મહિલાઓ બિનહરીફ નિયુક્ત થતાં વિસ્તારના પૂર્વ લોકપ્રિય ધારાસભ્ય ધવલસિંહ,ગામના પૂર્વ સરપંચ તેમજ ગામના આગેવાનો સહિત સમગ્ર ગ્રામજનોએ અભિનંદન સહ શુભેચ્છાઓ પાઠવી હતી અને મહિલાઓના સફળ સંચાલન થકી સતત ગામનો વિકાસ થાય આશાવાદ વ્યક્ત કર્યો હતો....

# અરવલ્લી પેરોલ ફર્લો ટીમે ડુંગરમાં છુપાયેલ બુટલેગરને દબોચ્યો

મહેન્દ્ર પટેલ અરવલ્લી બ્યુરો મઠવાસ

અરવલ્લી જીલ્લા પેરોલ ફર્લો ટીમ જીલ્લામાં વિવિધ ગુન્હામાં નાસતા-ફરતા આરોપીઓને સતત દબોચી રહી છે જીલ્લા પેરોલ ફર્લો ટીમે ભિલોડા પોલીસ સ્ટેશનના વોન્ટેડ બુટલેગરને રાજસ્થાન નજીકથી ડુંગર પરથી દબોચી લીધો હતો સાબરકાંઠા એસઓજી પોલીસે ઈડરના ફીચોડ નજીક ઓરડીમાં રહેતા એક શખ્સને ગેરકાયદેસર બંદૂક સાથે ઝડપી પાડી જેલના સળિયા પાછળ ધકેલી દીધો હતો

અરવલ્લી પેરોલ ફર્લો પીએસઆઈ કે.એસ.સીસોદીયા અને તેમની ટીમે ભિલોડા પોલીસ સ્ટેશનમાં પ્રોહીબીશનના ત્રણ ગુન્હામાં છેલ્લા નવ મહીનાથી નાસતો-ફરતો ભાણમેરનો બુટલેગર કલ્પેશ રામજી મોરી રાજસ્થાન રાજયની ઝાંઝરી સરહદ નજીક આવેલ ડુંગરની કોતરોમાં સંતાયો હોવાની બાતમી મળતા પેરોલ ફર્લો ટીમે ડુંગર ખોતરી ગીચ ઝાડી-ઝાંખરામાં પથ્થરની આડમાં સંતાયેલ કલ્પેશ મોરીને કોર્ડન કરી દબોચી લેતા આરોપીના મોતીયા મરી ગયા હતા ડુંગરની કોતરો પણ તેને બચાવી શકી ન હતી અરવલ્લી પેરોલ ફર્લો ટીમે બુટલેગર કલ્પેશ મોરીને ભિલોડા પોલીસને સુપ્રત કરી દીધો હતો



સાબરકાંઠા એસઓજી પીએસઆઈ કોમલ રાઠોડ અને તેમની ટીમે બાતમીના આધારે જાદર પોલીસ સ્ટેશનની હદમાં ઈડરના ફીચોડ ગામ નજીક ખેતરમાં બનાવેલી ઓરડીમાં ત્રાટકી કમલેશ શાંતિલાલ અહારીને ઝડપી પાડી ઓરડીમાંથી ૫ હજાર રૂપિયાની ગેરકાયદેસર બંદૂક સાથે ઝડપી લીધો હતા

એસઓજી પોલીસે કમલેશ અહારી સામે આર્મ્સ એક્ટ હેઠળ ગુન્હો નોંધી જેલના સળિયા પાછળ ધકેલી દીધો હતો અત્રે ઉલ્લેખનીય છે કે ખેત મજુર તરીકે રહેતા રાજસ્થાની શ્રમિકો ગેરકાયદેસર બંદૂકનો ઉપયોગ નીલ ગાય સહીત જંગલી પશુઓના શિકાર કરવા માટે અને ઘરફોડ ચોરીમાં લોકોને ડરાવવા ઉપયોગ કરી રહ્યા છે રાજસ્થાની લોકો ગેરકાયદેસર બંદૂકનું વેચાણ પણ કરી રહ્યા હોવાની ચર્ચાએ જોર પકડ્યું છે

## મકરસક્રાંતિ વિષય પર ચિત્ર સ્પર્ધા

# અમદાવાદ શહેર / ગ્રામ્યની જિલ્લાકક્ષાની ૮ થી ૧૩ વર્ષના બાળકોની ચિત્ર સ્પર્ધા યોજાશે

માનનીય મુખ્યમંત્રીશ્રી દ્વારા તા.૦૧/૧૦/૨૦૨૦ ના રોજ ગુજરાતના યુવાધનને યોગ તથા શારીરિક સશક્ત બનાવવાના હેતુથી વર્તમાન મોબાઈલ ટેકનોલોજીના વપરાશ સાથેના અભિગમથી "મોબાઈલટુસ્પોર્ટસ" નાઅભિયાનનીનવતરપહેલકરીછે. હાલનાકોરોના (કોવિડ-૧૯) નીમહામારીના વિષમ સંજોગોમાંતથાબાળકોનેફેસબૂક, વ્હોટ્સ એપ, ઈન્સ્ટાગ્રામ, તથા વિડીયો ગેઈમ્સ જેવી પ્રવૃતિઓમાં અત્યંત કિંમતી સમય વેડફતા યુવાધનની હકારાત્મક રીતે ક્રિયાશીલ કરવા રમત-ગમતની પ્રવૃતિઓ તરફ આકર્ષિત કરવા એ સમયની તાતી જરૂરિયાત છે. યુવાધનનો શારીરિક અને માનસિક વિકાસ ઉત્તમ રીતે થાય તે હેતુથી સરકારશ્રીએ વર્ષ:૨૦૨૦-૨૧ દરમ્યાન "MOBILE TO SPORTS"ની નવી યોજના મંજુર કરેલ છે. આ યોજનાને "મોબાઈલટુસ્પોર્ટસ"ફેસબૂકપેજ, યુટ્યુબ, રેડિયો, ક્વીઝ, ટેલિવિઝન તેમજ સોશિયલ મિડીયા સંબંધિત માધ્યમો ધ્વારા ખ્યાતનામ ખેલાડીઓની વિગતો, ઓડિયો/વિડીયો ક્લીપ રજુ કરી યુવાનોને રમતગમતની પ્રવૃતિઓ માટે પ્રેરણાસહ આકર્ષિત કરવામાં આવશે. આ હેતુ સુચારુ રૂપે પાર પાડવા રમત-ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગ હસ્તકની ગુજરાત રાજ્ય લલિતકલા અકાદમીની કચેરી, અમદાવાદ તથા જિલ્લા યુવા વિકાસ અધિકારી,જિલ્લા રમત ગમત અધિકારીની કચેરી- અમદાવાદના સંયુક્ત ઉપક્રમે "મોબાઈલટુસ્પોર્ટસ" કાર્યક્રમઅંતર્ગતિ ચત્રસ્પર્ધાનું આયોજનકરવામાંઆવેલછે. જેમાંઅમદાવાદશહેર/ગ્રામ્યના૮થી૧૩વર્ષનાબાળકો (જન્મતા.૩૧/૧૨/૨૦૨૧નેગણવાનીરહેશે) મોટીસંખ્યામાંભાગલઈશકશે. ઉક્તસ્પધાર્ંમાં ભાગલેનારતમામસ્પર્ધકોએ૭૪ (૮.૩"ઠ૧૧.૭")સાઈઝનાડ્રોઈગપેપરપર "મકરસક્રાંતિ" ×વિષયપરપોતાનીકૃતિઘરેબેસીતૈયાર કરીસ્પર્ધકેપોતાનુંનામઘરનું,,સરનામુ ,ઈમેઈલ આઈ ડી,મો.નં તથા શાળાના નામની વિગતો લખવાની રહેશે તેમજ ઉંમરના પુરાવા તરીકે આધારકાર્ડની ઝેરોક્ષ અથવા જન્મનું પ્રમાણપત્રની નકલ આપવાની રહેશે. દરેક સ્પર્ધકે પોતાની કૃતિની એન્ટ્રી રજીસ્ટર એ.ડી. અથવા કુરિયર દ્વારા અથવા રૂબરૂ મોકલાવી આવશ્યક છે.તાઃ ૨૪/૧૨/૨૦૨૧ બપોરે ૧૨:૦૦ કલાક સુધીમાં મળી જાય તે રીતના જિલ્લા યુવા વિકાસ અધિકારી, C/o, જિલ્લા રમત-ગમત અધિકારીની કચેરી, ૭,માળ,રવિશંકર રાવળ કલાભવન ,એલીસબ્રીજ જીમ ખાના ની બાજુમા,લો-ગાર્ડન,અમદાવાદ ખાતે મોકલી આપવા જણાવવામાં આવે છે. સમયમર્યાદા બાદ આવેલી કૃતિ સ્વીકારવામાં આવશે નહી જેની ખાસ નોંધ લેવી. રાજ્યકક્ષાની સ્પર્ધામાં ૧૦ વિજેતા કલાકારોની પસંદગી થશે. તેઓ પૈકી પ્રથમ વિજેતાને રૂ. ૨૫,૦૦૦/- દ્વિતીય વિજેતાને રૂ. ૧૫,૦૦૦/-, તૃતીય વિજેતાને ૧૦,૦૦૦/- એમ ત્રણ ઈનામો અને બાકીના અન્ય સાત વિજેતાઓને રૂ. ૫,૦૦૦/- (પ્રત્યેકને) મુજબ આશ્વાસન ઈનામો આપવામાં આવશે.તમામ વિજેતાઓને ચિત્રકામ કીટ (ડ્રોઈંગ કીટ)આપવામાં આવશે.

જિલ્લાકક્ષાએ વિજેતા થયેલ અમદાવાદ શહેર અને ગ્રામ્યમાંથી પ્રથમ, દ્વિતીય અને તૃતીય નંબરે વિજેતા થયેલ સ્પર્ધકોના ચિત્ર રાજ્યકક્ષાની પસંદગી ચિત્રસ્પર્ધા તેમાંથી પસંદ થયેલ ૧૦ સ્પર્ધકોએ રાજ્યકક્ષામાં મોકલવામાં આવશે. આ સ્પર્ધાના નિયમો અને વધારે માહિતી આ બ્લોગ આઈ.ડી https://districtsportsahmedabad.wordpress.com ઉપરથી મેળવી શકાશે.

# એપેનના બોર્ડ ઑફ ડિરેક્ટર્સ સંમેલનમાં જીટીયુના કુલપતિશ્રીએ ભારતનું પ્રતિનિધિત્વ કર્યુ

## વિદ્યાર્થીઓને વૈશ્વિક સ્તરની ટેક્નોલોજીનું શિક્ષણ મળી રહે તે માટે એશિયાની તમામ ટેક્નોલોજીકલ યુનિવર્સિટીએ એક સ્તર પર આવવું ખૂબ જ જરૂરી છે -પ્રો. ડૉ. નવીન શેઠ

એશિયામાં ટેક્નિકલ શિક્ષણનો પ્રચાર પ્રસાર થાય અને વિદ્યાર્થીઓને આંતરરાષ્ટ્રીય સ્તર પર ટેક્નિકલ શિક્ષણને લગતાં તમામ લાભ મળે તે હેતુસર, જાપાન , ચીન , ભારત સહિત એશિયાના ૧૩ દેશો દ્વારા વર્ષ – ૨૦૧૧માં "એશિયા પ્રોફેશનલ એજ્યુકેશન નેટવર્ક" (એપેન)ની સ્થાપના કરવામાં આવી છે. તાજેતરમાં એપેનની બોર્ડ ઑફ ડિરેક્ટર્સના સંમેલનમાં ગુજરાત ટેક્નોલોજીકલ યુનિવર્સિટીના કુલપતિ પ્રો. ડૉ. નવીન શેઠે ભારતનું પ્રતિનિધિત્વ કર્યું હતું.

આ પ્રસંગે તેઓએ જણાવ્યું હતું કે, વિદ્યાર્થીઓને વૈશ્વિક સ્તરની ટેક્નોલોજીનું શિક્ષણ મળી રહે, તે માટે એશિયાની તમામ ટેક્નોલોજીકલ યુનિવર્સિટીએ એક સ્તર પર આવવું ખૂબ જ જરૂરી છે.

વર્ષ – ૨૦૧૪થી જીટીયુ એપેનનું સભ્ય પદ ધરાવે છે. સમગ્ર ભારતમાં જીટીયુ એકમાત્ર યુનિવર્સિટી છે, જેને આ સભ્યપદ મળ્યું છે. બોર્ડ ઑફ ડિરેક્ટર્સ સંમેલનમાં થયેલ ચર્ચા અનુસાર આગામી સમયમાં અદ્યતન ટેક્નોલોજીથી ટેક્નિકલ શિક્ષણ મેળવતાં વિદ્યાર્થીઓ વાકેફ થાય અને ડિઝાઈન ઈનોવેશન , આર્ટીફિશિયલ ઈન્ટીલિજન્સ , રોબોટીક્સ , ઈનોવેશન , રીસર્ચ તેમજ એકેડમીક એક્સચેન્જ અંતર્ગત એપેનના સભ્ય દેશોની વિવિધ યુનિવર્સિટી અને શૈક્ષણીક સંસ્થાના વિદ્યાર્થીઓ અને ફેકલ્ટીઝ તેમના પ્રોજેક્ટ સંબધીત રીસર્ચનું આદાન પ્રદાન કરે વગેરે જેવી પ્રકિયા હાથ ધરવામાં આવશે . જેના થકી ટેક્નિકલ શિક્ષણ મેળવતાં વિદ્યાર્થીઓને વૈશ્વિક સ્તરની ટેક્નોલોજી શિખવા મળશે. તેમજ તેમના પ્રોજેક્ટ અને રીસર્ચને પણ વૈશ્વિક સ્તરે સ્વિકૃતિ મળશે.

આ સંમેલનમાં એપેનના ચેરપર્સન અને એડવાન્સ ઈન્સ્ટિટ્યૂટ ઑફ ઈન્ડસ્ટ્રીયલ ટેક્નોલોજીના પ્રમુખ પ્રો. ડૉ. ક્વાતા સૈઈચી અને એપેનના સેક્રેટરી જનરલ પ્રો. માઈડા મિત્સુહિરો સહિત ઈન્ડોનેશિયાની ઈન્સ્ટિટ્યૂટ ટેક્નોલોજી બાનડંગના પ્રો. અડે. સજફુદ્દિન , બ્રુનેઈ યુનિવર્સિટીના પ્રો. ડૉ. ચંન્દ્રતિલક દે સિલ્વા , જાપાનની એડવાન્ય ઈન્સ્ટિટ્યૂટ ઑફ ઈન્ડસ્ટ્રીયલ ટેક્નોલોજીના પ્રો. હસ્હિમોટો હિરોશી , મલેશિયાની યુનિવર્સિટી ઑફ ટેક્નોલોજીના પ્રો. અસ્ટુટી અમરીન , મ્યાનમારની યાંન્ગોન ટેક્નોલોજીકલ યુનિવર્સિટીના પ્રો. માઈન્ટ થૈન , ફિલિપાઈન્સની ડે લા સાલ્લે યુનિવર્સિટીના પ્રો. ડૉ. અલ્વિન કુલાબા , વિયેટનામ નેશનલ યુનિવર્સિટીના પ્રો. નગ્યુયેન હોઈઅ સોન સહિતના ૧૩ દેશોના પ્રતિનિધીઓએ હાજરી આપી હતી.

# અરવલ્લી : પુરવઠા તંત્રની ઘોર બેદરકારી સામે ખેડૂતોમાં આક્રોશ,ટેકાના ભાવે વેચાણ કરેલ મગફળીનું પેમેન્ટ અટક્યું

મહેન્દ્ર પટેલ અરવલ્લી બ્યુરો મઠવાસ

ધરતીનો તાત કહેવાતો ખેડૂત મોંઘા દાટ બિયારણો, દવાઓ લાવીને રાત દિવસની મહા મહેનત બાદ ખેત પેદાશો મેળવતા હોય છે. તેમાંય કુદરત સાથ ન આપે ત્યારે ખેડૂતોને ભારે મુશ્કેલીઓ પડતી હોય છે અને રોવાનો વારો આવતો હોય છે અને બાદમાં ખેત પેદાશોના યોગ્ય ભાવ ન મળે કે વેચ્યા બાદ સમયસર નાણાં ન મળે ત્યારે સહનશક્તિની હદ આવી જતી હોય છે. ત્યારે અરવલ્લી જિલ્લામાં ખેડૂતોએ વેચેલ ટેકાના ભાવે મગફળીના નાણાં ન મળતાં ધરતીપુત્રોમાં ભારે રોષ જોવા મળ્યો હતો જીલ્લાના ૯ હજાર ખેડૂતોએ મગફળી ટેકાના ભાવે વેચવા માટે નોંધણી કરાવી હતી પણ નોંધણીમાં બેંક માહિતીમાં મુશ્કેલીના કારણે હવે એક મહિનાથી અનેક ખેડૂતોનું પેમેન્ટ અટવાયું છે.



કમોસમી વરસાદ અને વધતા ખાતરના ભાવ ખેડૂત માટે દરરોજ મુશ્કેલી સર્જી રહ્યા છે.ત્યારે સરકાર દ્વારા ટેકાના ભાવે મગફળી ખરીદવાની શરૂઆત કર્યા બાદ સતત ખરીદી પર ગ્રહણ લાગ્યું છે.ત્યારે હવે અરવલ્લી જિલ્લામાં નોધણી માં ભૂલોના કારણે ખેડૂતોના મગફળીના પેમેન્ટ અટવાયા છે.મોડાસા તાલુકાના ટિંટોઈ ગામના ખેડૂતોએ પોતાની થયેલી તકલીફ સામે રોષ ઠાલવ્યો હતો. તંત્રની બેદરકારીના કારણે બેંકની માહિતીમાં ભૂલ આવતા તેમનું પેમેન્ટ અટવાયું છે.મામેરું ભરવા માટેનું આયોજન ખોરવાઈ જતાં ખેડૂત રોષે ભરાયો છે.અન્ય ખેડૂતો પણ રવિસિઝનમાં ઘઉ અને બટાકા માટે ખાતરની જરૂરિયાત છે ત્યારે રૂપિયાની જરૂરિયાત વખતે મગફળીની ચુકવણી નહિ થતાં આફત સર્જાઈ છે.મગફળી ટેકાના ભાવે નોધણી વખતે અપાયેલી માહિતીમાં નોંધમાં બેદરકારી કરવામાં આવતા ખેડૂતો હવે રોષે ભરાયા છે.

# અમદાવાદનો બુટલેગર નશામાં ચિક્કાર બની કારમાં દારૂ ભરી કાર બેફામ હંકારતા વાહનચાલકો ભયભીત

મહેન્દ્ર પટેલ અરવલ્લી બ્યુરો મઠવાસ

અમદાવાદ-ઉદેપુર ને.હા.નં-૮ બુટલેગરો માટે સિલ્ક રૂટ તરીકે જાણીતો છે શામળાજી નજીક આવેલ રતનપુર ચેકપોસ્ટ પરથી વર્ષે દહાડે કરોડો રૂપિયાનો વિદેશી દારૂ બુટલેગરો ઠાલવતા રહ્યા છે રાજ્ય સરકારે ચેકપોસ્ટ દૂર કરતા બુટલેગરોને બખ્ખા થઇ ગયા છે અમદાવાદના જોધપુર સેટેલાઈટ વિસ્તારમાં રહેતો કૃણાલ દેસાઈ નામનો બુટલેગર ઉદેપુરના ઠેકા પરથી દારૂ ઢીંચી હોન્ડા સીટીમાં દારૂ ભરી નશો ચઢી જતા બેફામ કાર હંકારી અન્ય વાહનોને ટક્કર મારી કાર રમરમાટ દોડાવી મુકતા રાજેન્દ્ર નગર ચોકડી પર ચેકિંગમાં રહેલી મોડાસા રૂરલ પોલીસે કારને અટકાવી કારમાંથી ૯૧૨ બીયરના ટીન સાથે દબોચી લઈ જેલના સળિયા પાછળ ધકેલી દીધો હતો નશામાં ધૂત બુટલેગરે શામળાજી-હિંમતનગર હાઈવે પર બેફામ કાર હંકારી આતંક મચાવી દેતા વાહનચાલકો ફફડી ઉઠ્યા હતા

મોડાસા રૂરલ પીઆઈ મુકેશ તોમર અને તેમની ટીમે શામળાજી-હિંમતનગર હાઈવે પર રાજેન્દ્ર નગર ચોકડી નજીક વાહનોનું ચેકીગ હાથધરાતા શામળાજી તરફથી હોન્ડા સીટી કારમાં દારૂ ભરી બુટલેગર બેફામ કાર હંકારી વાહનોને ટક્કર મારતો મારતો હિંમતનગર તરફ જઈ રહ્યો હોવાની બાતમી મળતા પોલીસે નાકાબંધી કરી બેરિકેડ ગોઠવી બાતમી આધારિત કાર આવતા અટકાવી કોર્ડન કરી કાર ચાલક કૃણાલ જયેશભાઈ દેસાઈ (રહે,ડી-૮૭ શુભદર્શન ફ્લેટ,પ્રેરણાતીર્થ દેરાસર રોડ, જોધપુર સેટેલાઈટ-અમદાવાદ) ને ઝડપી પાડી કારમાંથી ૧.૩૬ લાખથી વધુનો દારૂ જપ્ત કરી વિદેશી દારૂ,મોબાઈલ,કાર સાથે ૬.૪૦ વધુનો મુદ્દામાલ જપ્ત કરી બુટલેગરને જેલના સળિયા પાછળ ધકેલી દઈ વિદેશી દારૂ ભરી આપનાર ઉદેપુરના અજાણ્યા ઠેકા ચાલક વિરુદ્ધ પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા છે

# CAPSI અને SAGના સંયુકત ઉપક્રમે અમદાવાદ ખાતે પ્રાઈવેટ સિક્યુરિટી દિવસની ઉજવણી કરવામાં આવી

ગુજરાત સહિત સમગ્ર ભારતમા CAPSI (Central Association of Private Security Industry ) અને SAG (Special Action Group )ના સંયુકત ઉપક્રમે આજ રોજ અમદાવાદ ખાતે પ્રાઈવેટ સિક્યુરિટી દિવસની ઉજવણી કરવામાં આવી. જેમાં શ્રમ અને રોજગાર મંત્રીશ્રી બ્રિજેશભાઇ મેરજા વિશેષ ઉપસ્થિત રહ્યા હતા.

પ્રાસંગિક ઉદબોધનમા મંત્રીશ્રી એ જણાવ્યુ કે 'સિક્યુરિટી ગાર્ડ જાગે છે, એટલે અમે ઘરમાં નિરાંતે સૂઇ શકીએ છીએ.કોઇ પણ રાજયમાં રહેલી વ્યક્તિની પ્રગતિનો આધાર જે તે રાજયની શાંતિ, સલામતી અને સુરક્ષા અને શાસનની સ્થિરતા પર છે, જેમાં ગુજરાત સમગ્ર દેશમા ટોચ પર સ્થાન ધરાવે છે. જે આપણા સહુ માટે ગર્વની વાત છે. પોલીસ વિભાગ સાથે પ્રાઈવેટ સિક્યુરિટી એજન્સીના અધિકારી/કર્મચારીઓ દ્વારા સુરક્ષા માટે જે વિશેષ ફરજ નિભાવવામાં આવે છે તે કાબિલેદાદ છે. ગુજરાતમાં શાંતિ અને એખલાસ ભર્યુ વાતાવરણ હોવાથી ઔધોગિક ક્રાંતિ ખુબ મોટા પ્રમાણમાં થઈ રહી છે. ત્યારે ગુજરાત એ મૂડી રોકાણનું હબ બન્યુ છે. જયાં સોશિઅલ સિક્યુરિટી પણ ખુબ સારી રીતે કામગીરી કરે છે.

કોવિડ ૧૯ ની કોરોનાની મહામારી દરમ્યાન ઉભી થયેલી વિકટ પરિસ્થિતિ દરમિયાન સરકારના અનેક વિભાગો સાથે સંકલનમાં રહીને પ્રાઈવેટ સિક્યુરિટી એજન્સીના તમામ સિક્યુરિટી ગાર્ડે જીવની પરવા કર્યા વિના પોતાની ફરજ બજાવી છે. તે સર્વે સન્માનને પાત્ર છે તેમ જણાવતા મંત્રીશ્રી એ વધુમા જણાવ્યુ કે ગુજરાત અનેકવિધ ક્ષેત્રે દેશમાં નવી ભાત ઉપસાવવામાં અગ્રેસર છે. અને અત્યારે ઈલેક્ટ્રોનિક ઉપકરણો અને સ્કિલની એ સમયની માંગ છે. તેથી સિક્યુરિટી ગાર્ડ તરીકે કાર્ય કરતા લોકોને વધુ તાલીમબધ્ધ કરવામાં આવે એવી હિમાયત કરી હતી. જેથી ખાનગી સિક્યુરિટીનું શોષણ નહિ,પણ પોષણ કરવાની રાજયસરકારની નેમ છે તેમ કહ્યુ હતુ. આ પ્રસંગે કોરોના સમયે સમર્પણ અને હિંમતભર્યા પ્રદર્શન કરનારા પ્રાઈવેટ સિક્યુરિટી કર્મચારીઓને મંત્રીશ્રીના હસ્તે વિશિષ્ઠ સન્માન કરવામાં આવ્યુ હતુ.

આ પ્રસંગે રક્ષા યુનિવર્સિટી ગાંધીનગરના વાઈસ ચાન્સેલર ડૉ. બિમલ પટેલ, જીછય઼ના પ્રેસિડેન્ટ અને કેપ્સીના વાઈસ ચેરમેન શ્રી વિક્રમ મહુરકર, કેપ્સી ગુજરાત ચેપ્ટરના પ્રેસિડેન્ટ ડૉ. સમીર ત્રિવેદી, સિક્યુરિટી એસોસિએશન ગુજરાતના ખચાનચી શ્રી આર.કે ચતુર્વેદી સહિત જીછય઼ અને CAPSIના અન્ય સભ્યો તથા અન્ય પ્રાઈવેટ સિક્યુરિટી કંપનીઓના પ્રતિનિધિઓ અને સુરક્ષા કર્મચારીઓ આ પ્રસંગે મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

- મનીષા પ્રધાન

## અમદાવાદનીસાયન્સ સિટીમાં હવે આફ્રિકન પેંગ્વિન જોવા મળશે

# ગુજરાત સરકાર પર્યાવરણ અને કુદરતી ઇકોસિસ્ટમને સુરક્ષિત રાખવા હમેશાથી કાર્યરત રહી છે- શિક્ષણમંત્રી શ્રી જીતુભાઈ વાઘાણી



અમદાવાદ સાયન્સ સિટી ખાતે આફ્રિકન પેંગ્વિનનો સમાવેશ કરવામાં આવ્યો છે ,આ અંગે આયોજીત કાર્યક્રમમાં શિક્ષણમંત્રીશ્રીશ્રી જીતુભાઈ વાઘાણી ઉપસ્થિતિ રહ્યા હતા.

આ પ્રસંગે ઉપસ્થિત શિક્ષણમંત્રીશ્રીજીતુભાઈ વાઘાણી જણાવ્યું કે, આફ્રિકન પેંગ્વિનની આ મહત્વની પ્રજાતિ છે, જે લુપ્ત થવાની ભીતિમાં છે અને તેમની સંખ્યા ઓછી થતી જાય છે, ત્યારે અહી એકવેટિક ગેલેરી ખાતે આ આફ્રિકન પેંગ્વિનનો સમાવેશ કરવાનો મહત્વતતા એ છે કે આ પ્રજાતિના સંવર્ધનના સુયોગ્ય પ્રયત્નો વધારી શકાય, લોકોને શૈક્ષણિક રીતે ઉપયોગી થાય અને સાથે સાથે માનવીય પ્રવૃતિઓ દ્વારા પ્રાણીઓ લુપ્ત થવાની અણી પર આવી જાય છે તે વિષે લોકોમાં જાગૃતિ આવે, તે હેતુથીઆફ્રિકન પેંગ્વિનનો પ્રયત્ન હાથ ધરવામાં આવ્યો છે.

મંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું હતું કે, ગુજરાત સરકાર પર્યાવરણ અને તેની કુદરતી ઇકોસિસ્ટમને સુરક્ષિત રાખવા હમેશા કાર્યરત રહી છે અને એ દિશામાં જ આ પ્રયાસ કરવામાં આવ્યો છે. તેમણે આ અવસરે સાયન્સ સીટીની પૂર્વ ભૂમિકા આપતા કહ્યું કે, જનમાનસમાં વિજ્ઞાન અંગે જાગૃતિ ઉભી થાય તેના ભાગરૂપે ગુજરાત સાયન્સ સિટી ૨.૦નું માનનીય પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્ર મોદીએ ઉદ્ઘાટન કર્યું હતું અને પરિણામ સ્વરૂપે આજે વિશાળ સંખ્યામાં લોકો સાયન્સ સીટીનો લાભ લઈ રહ્યા છે. તેમણે કહ્યું કે, કોવીડકાળ બાદ ૧૬ જુલાઈથી સાયન્સ સીટી પુન કાર્યરત કરવામાં આવી ત્યાર બાદ સાડા ત્રણ લાખથી વધુ લોકોએ તેનો લાભ લીધો છે.

મંત્રીશ્રીએ વધુમાં જણાવ્યુ કે,આ અદભૂત જીવો વિષે જાણવાની તક આપણી ભાવિ પેઢીને મળે અને સહુ જીવો સાથે મળીને જીવે એવો ભાવ પ્રેરિત થાય એવો ધ્યેય અમે રાખીએ છીએ

ઉલ્લેખનીય છે કે , ગુજરાત સાયન્સ સિટીની એકવેટિક્સ ગેલેરીમાં રાખવામા આવેલા આ પાંચ આફ્રિકન પેંગ્વિન( સ્પેનિસ્ક્સ ડેમસર્સ) છે. પેંગ્વિનની આ પ્રજાતિ દક્ષિણ આફ્રિકાના દરિયા કિનારે વસે છે, પરંતુ સમગ્ર વિશ્વમાં યોગ્ય માનવ સંભાળ હેઠળ તેમનુ સંવર્ધન કરવામાં આવે છે.ગુજરાત સાયન્સ સિટી ઘણા એકવેટિક અને સેમી એકવેટિક જીવોનું સંવર્ધન કરે છે હવે તેમાં પેંગ્વિનનો પણ સમાવેશ થઈ ચૂક્યો છે.

સાયન્સ સિટી દ્વારા પેંગ્વિન વિષે જાગૃતિ અને શિક્ષણ માટે વિવિધ કાર્યક્રમો અને આઉટરીચ પ્રવૃતિઓ દ્વારા હાથ ધરાશે.તમામ ઉમરના મુલાકાતીઓને પેંગ્વિન વિષે જાણવાનું ગમશે અને જૈવવિવિધતાની ચર્ચા કરવાનો અને બાળકો તથા સામાન્ય નાગરિકોને પ્રાણીઓના વસવાટ વિષે શીખવા મળશે.

અત્રે નોંધનીય છે કે ૧૭ જુલાઇ થી ૩૦ નવેમ્બર સુધીમાં કુલ સાડા ત્રણ લાખથીથી વધુ લોકોસાયન્સ સિટીની મુલાકાત લઈ ચૂક્યા છે.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.

CYMK